



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૬/૦૭/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ અષાઢ સુદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૧૮૩






## હવામાન વિભાગની આગાહી સચોટ સાબિત થતાં સૌ કોઈમાં ખૂશી

# અમરેલી જિલ્લાનાં મોટાભાગનાં વિસ્તારમાં મેઘાની સટાસટી


**અમરેલી, બાબરા, સાવરકુંડલા, લીલીયા સહિતનાં વિસ્તારોમાં સમી સાંજે અર્ધાથી લઈને ૩ ઈંચ વરસાદ**

**સવારથી જ અસહ્ય ગરમીનો સામનો કરતાં નાગરિકોમાં ઠંડક પ્રસરતા રાહતની લાગણી જોવા મળી**

**મુરઝાતી મોલાતને વરસાદી પાણીનાં કારણે જબરો ફાયદો થવાનો હોય ખેડૂતો પણ ખૂશ**

**આગામી ૪ થી ૫ દિવસ સુધી વરસાદની સંભાવના હવામાન વિભાગે દર્શાવી**



અમરેલી,તા.૧૫

અમરેલી,બાબરાસહિતનાં પંથકમાં સમી સાંજે વરસાદી માહોલ જામતા સૌ કોઈમાં ખુશીનો માહોલ છવાયો હતો. અને હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી સાચી સાબિત થવાની સંભાવનાંઓ જોવા મળી રહી છે.

બાબરામાં દિવસભર ઉકળાટ બાદ મોડી સાંજે મેઘરાજાનું આગમન થતા જોરદાર વરસાદનું ઝાપટું પડી જતા બજારોમાં પાણી દોડતા લાગ્યા હતા. અને ઠંડા પવન ફરકવા લાગતા લોકોએ ભારે ઉકળાટમાં રાહત અનુભવી હતી.

બાબરા શહેર બાદ ગ્રામ વિસ્તાર કરીયાણા, ચમારડી, વાવડી ધરાઈ ખાખરીયા દરેડ સહિતનાં

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલીમાં અઢી ઈંચ, લીલીયામાં સવા ૩ ઈંચ, સાવરકુંલામાં અઢી ઈંચ, જાફરાબાદમાં એક ઈંચ, વડિયા–ધારીમાં અર્ધો ઈંચ, ખાંભા, બાબરામાં ઝાપટા

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લાનાં મોટાભાગનાં વિસ્તારોમાં સમી સાંજે મેઘરાજાએ બઘડાટી બોલાવીને લીલીયામાં સવા ૩ ઈંચ, અમરેલી સાવરકુંડલામાં અઢી ઈંચ, વડિયા, ધારીમાં અર્ધો ઈંચ, ખાંભા, બાબરામાં ઝાપટા પડયા હતા.

**અમરેલી જિલ્લામાં પડેલ વરસાદનાંઆંક**

લીલીયા મોટાં–૮૧ મીમી.
સાવરકુંડલા–૬૮ મીમી.
અમરેલી–૬૨ મીમી.
જાફરાબાદ–૨૬ મીમી.
બાબરા–૭ મીમી.
વડિયા–૧૧ મીમી.
ખાંભા–૮ મીમી.
ધારી– ૧૬ મીમી.

### મેઘરાજા ધબધબાટી બોલાવી શકે તેમ છે

## અમરેલી જિલ્લામાં આગામી ૩ દિવસ ભારે વરસાદની આગાહી : સાવચેત રહેજો

**કામ સિવાય ઘરની બહાર નિકળવાનું ટાળજો**

અમરેલી, તા. ૧૫

અમરેલીજિલ્લામાંઆગામી ૩ દિવસથી ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવનાં હોય તો નાગરિકોને સાવચેત રહેવા અને કામ સિવાય ઘરની બહાર નીકળવાનુંટાળવુ જોઈએ.







### વેપારી આલમે સાવચેતીથી વેપાર–ધંધા કરવા જરૂરી

## અમરેલીમાં માર્કેટયાર્ડ સામે સિમેન્ટનાં વેપારીની નજર ચુકવીને ૨ શખ્સોએ રૂપિયા ૯૮ હજારની કરી ઉઠાંતરી

**અજાણ્યા શખ્સો પેસેન્જર રિક્ષામાં બેસીને ઘડીકમાં પલાયન થયા**



અમરેલી, તા. ૧૫

અમરેલીમાં રહેણાંક મકાન બંધ હોય તો ચોરી થતી હોવાની ઘટના અવારનવાર પ્રકાશમાં આવતી હોય છે. પરંતુ તસ્કરોની હિંમત એવી વધી છે કે હવે તો ધોળે દિ'એ અને એ પણ વેપારીની નજર સામે જ નાણાની ઉઠાંતરી કરવાની શરૂઆત થઈ હોય તેવો એક કિસ્સો પ્રકાશમાં આવેલ છે.

અમરેલીનાં જુના માર્કેટયાર્ડ સામે આવેલ અંજની સીડ્ઝ એન્ડ ફર્ટીલાઈઝર્સ ડેપોમાં આવેલ ૨ ઈસમોએ વેપારીની નજર ચુકવીને દુકાનમાં રહેલ રૂપિયા ૯૮ હજારની રકમ લઈને પેસેન્જર રિક્ષા જેનો નંબર જીજે–૧૦ ટીડબલ્યુ ૩૬૮૭માં બેસીને રવાના થઈ જતાં બંને ઈસમોને ઝડપવા પોલીસે ચક્રો ગતિમાન કરેલ છે.






### શ્રમિકો ગાવડકા ચોકડીથી પરત ફરતાં હોય તે સમયે

## અમરેલી : બાલાજી હનુમાન મંદિર પાસે બે બાઈક અથડાતાં ૧ વ્યકિતનુ મોત

**ડબલ સવારી અને સિંગલ સવારી બાઈક ધડાકાભેર અથડાયા**

અમરેલી, તા. ૧૫

મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ અમરેલી તાલુકાના વેણીવદર ગામે રહેતા અનિલભાઈ રમેશભાઈ ભુરીયા નામનાં યુવક તેમના મિત્ર મુળ મધ્યપ્રદેશના વતની તથા છેલ્લા છ એક મહીનાથી તેમના મિત્ર બનેલા કલમસિંઘ શેતાન અમલીપાર ગઈકાલે સાંજના આઠેક વાગ્યે મજુરી પતાવી ગાવડકા ચોકડીથી અમરેલી આવવા બંને મિત્રો મોટર સાયકલનં. જી, જે.–૬–બી.એન.૬૮૦૮ વાળુ લઈને નિકળેલ મોટર સાયકલ કલમસિંઘ ચલાવતો હતો. તે દરમ્યાન સાડા આઠેક વાગ્યે ધારી અમરેલી રોડ ઉપર બાલાજી હનુમાન પાસે પહોંચેલ તે વખતે અમરેલી તરફથી આવતા એક મોટર સાયકલ વાળાએ પુરઝડપે આવી આ મિત્રોના મોટર સાયકલ સાથે અથડાવી દેતા બંને નિચે પડીને ફંગોળાય ગયેલ જેથી યુવકને નાની મોટી ઈજા થયેલ હતી. અને થોડે દુર રોડ ઉપર કલમસિંઘ પડેલ હતો અને

અનુસંધાન પાના ૬ ઉપર

## કોંગ્રેસ પક્ષ દ્વારા પાલિકાનાં પૂર્વ પ્રમુખની આગેવાનીમાં તૈયારી શરૂ

# અમરેલીનાં વિવિધ પ્રશ્નોનું નિરાકરણ ન થાય તો કોંગ્રેસની આંદોલનની ચીમકી

**શહેરમાં બેફામપણે ગંદકી અને અંધારપટ્ટનો માહોલ હોવાથી શહેરીજનો ત્રાહીમામ પોકારી ચુકયા**

**શહેરમાં રખડતા પશુઓ, અનિયમિત થતું પાણી વિતરણ, બિસ્માર માર્ગો જેવી એક ડઝન જેટલી સમસ્યા**

**પાલિકાનાં શાસકો પાસે વિશાળ સંખ્યામાં કર્મચારીઓ અને સાધનો હોવા છતાં પણ સમસ્યા દૂર થતી નથી**

**શહેરીજનોને સ્વચ્છતા, રોશની, સારા માર્ગો સહિતની સુવિધા ન મળે તો પૂર્વ પ્રમુખની આગેવાનીમાં કરાશે આંદોલન**

અમરેલી, તા. ૧૫

અમરેલીનાં શહેરીજનોએ ભાજપને ખોબલે-ખોબલે મત આપીને પાલિકાનું શાસન એટલા માટે સોંપેલ કે શહેરને નંદનવન બનાવી આપવાનું વચન પાલિકાનાં ચૂંટણી પ્રચાર દરમિયાન આપવામાં આવેલ. પરંતુ આજે શહેરમાં દિનપ્રતિદિન સમસ્યા ઘટવાને બદલે વધી રહી છે.

શહેરમાં જયાં નજર નાખો ત્યાં ગંદકીનો માહોલ જોવા મળે છે. શહેરનાં હાર્દસમા ચિતલ રોડ ઉપર આવેલ બ્યુટિફિકેશનમાં મહિનાઓથી સફાઈ થઈ નથી તો વાંઝા વાડી નજીક પણ હંમેશા ઉકરડા જોવા મળી રહ્યા છે. તો હરિરામબાપા ચોકમાં બિસ્માર માર્ગો, વરસડા રોડ ઉપર ટેકનીકલ કોલેજથી શરૂ કરીને વરસડા ચોકડી અને ત્યાંથી લીલીયા ચોકડી સુધીમાં અંદાજિત ૧૦૦થી વધુ સ્ટ્રીટલાઈટ બંધ છે અને શહેરમાં અંદાજિત ૭૦૦થી વધુ સ્ટ્રીટલાઈટ બંધ જોવા મળે છે.

રખડતા પશુઓ જાહેર માર્ગોથી લઈને રહેણાંક વિસ્તારમાં અડિંગો જમાવીને બેઠા હોય છે. અવારનવાર અકસ્માતની ઘટના બની રહી છે. શહેરીજનોને નિયમિત પીવાનું પાણી વિતરણ કરવામાં આવતું નથી, શહેરમાં પાલિકાને લગત એક ડઝન જેટલી સમસ્યાઓ જોવા મળી રહી હોય શહેરીજનોને ભાજપને મત આપીને ભૂલ થયાનો અનુભવ કરી રહ્યા હોય તેવા સમયે કોંગ્રેસ પક્ષ દ્વારા પાલિકાનાં પૂર્વ પ્રમુખ રફિકભાઈ મોગલની આગેવાનીમાં સમસ્યાનું નિરાકરણ ન થાય તો શહેરીજનોની સંગાથે પ્રચંડ જન આંદોલન કરવાની તૈયારી થઈ રહી છે.

## કાળા કાચવાળી કારમાં આવેલ ૩ શખ્સોનુ કારસ્તાન

# ઉનાનાં વેરાવળ રોડ ઉપર રહેતા આધેડને વિશ્વાસમાં લઈ દાગીનાની ઉઠાંતરી

**રૂપિયા ૯૬ હજારનો મુદ્દામાલ ઉઠાવી જતા ફરિયાદ**

ઉના, તા. ૧૫

ઉનાના વેરાવળ રોડ પર રહેતા આધેડને કાર લઈને આવેલ ત્રણ શખ્સોએ વિશ્વાસમાં લઈ સોનાનો ચેઈન અને વીંટી લઈ નાસી જતા પોલીસે સીસીટી ના આધારે તપાસ હાથ ધરી હતી.



તસ્વીર : ધર્મેશ જેઠવા-ઉના

વિગત એવા પ્રકારની છે કે, ઉનાના વેરાવળ રોડ પર આવેલ જલારામ પાર્ક સોસાયટીમાં રહેતા જેસીગભાઈ પુંજાભાઈ જોગદીયા નિત્ય ક્રમ પ્રમાણે પોતાની દીકરીને શાળાએ લેવા મુકવા જતા હોય છે ત્યારે સવારના ૭:૦૦ વાગ્યાની આસ પાસના સમયે દીકરીને શાળાએ મૂકી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે પોતાના ઘર પાસે સિલ્વર કલરની કાળા કાચ વાળી કાર લઈને ત્રણ અજાણ્યા શખ્સો ઉભેલ હોય જેમણે જેસીગભાઈ ને પૂછેલ કે શિવ આશ્રમ ક્યાં આવેલો છે ત્યારે જેસીગભાઈએ કહેલ કે ખબર નથી આવું કહ્યું હતું આ કારમાં કારના ડ્રાઈવર અને તેમની બાજુમાં રહેલ નગ્ન વ્યક્તિ અને એક પાછળ વ્યક્તિ મળી કુલ ત્રણ વ્યક્તિઓ સવાર હતા. જેમાં ડ્રાઈવરની પાસે બેસેલ નગ્ન વ્યક્તિએ જેસીંગભાઈ ને બોલાવી માથે હાથ ફેરવી સો રૂપિયાની નોટ આપેલ જે નોટ જેસીંગભાઈએ લેવાની ના પાડતા કહેલ કે પ્રસાદી છે આવું કહેતા જેસીગભાઈએ ૧૦૦ ની નોટ સ્વીકારી હતી જે બાદ નગ્ન સાધુએ જેસીંગભાઈ પાસેથી સોનાની માળા અને વીંટી માંગતા જેસીગભાઈએ આપેલ અને નગ્ન સાધુએ પરત કરેલ જે બાદ ફરી માંગતા જેસીંગ ભાઈએ ફરી આપી હતી જે બાદ નગ્ન સાધુએ કહેલ કે આ ચેઈન વીંટી મારે ધર્માદાના કામમાં ભંડારામાં વાપરવાનુંછે આનાથી તું સુખી થઈશ અને ઘરમાં સાઢં થશે અને તારા બાળકો સુખી થશે આવું કહી આ કાળા રંગના કાચ વાળી સિલ્વર કલરની કાર લઈ આવેલા ત્રણ અજાણ્યા શખ્સો એક સોનાનો ચેઈન જેની કિંમત ૮૦ હજાર અને એક સોનાની વીંટી જેની કિંમત ૧૬,૦૦૦ મળી કુલ ૯૬ હજાર નો મુદ્દામાં લઈ નાસી જતા ઉના પોલીસે ત્રણ ઈસમો વિઢદ્ધ ફરિયાદ નોંધી સીસીટીવી ના આધારે તપાસ હાથ ધરી હતી.

## ચોમાસામાં રોગચાળો ફેલાઈ તે પહેલા સાવચેત રહો

# અમરેલી જિલ્લામાં વેચાતી પાણીપુરી, પાંઉભાજી, ઢોસા, સહિતની ખાદ્યસામગ્રીની ગુણવત્તાની ચકાસણી કરો

**આરોગ્ય, ફ્રુડ સહિતનાં સરકારી વિભાગો આળશ ખંખેરે**

અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લામાં પાણીપુરી, પાઉંભાજી, ઢોસા સહિતની ખાદ્યસામગ્રી વેચાતી રેંકડીઓ, દુકાનો અને રેસ્ટોરન્ટમાં ફ્રુડ અને આરોગ્ય વિભાગેઆકસ્મિકચકાસણીકરીનેખાદ્ય સામગ્રીની ગુણવતાની ચકાસણી કરવી જરૂરી બની છે.

પાણીપુરીમાં સડી ગયેલા બટેટા સહિતનો ઉપયોગ થતો હોવાનું ચર્ચાઈ રહયું છે. તો હલ્કી ગુણવત્તાનાં પનીરનો ઉપયોગ પણ થઈ રહયો છે. તો બનાવટી દુધ, ઘી તેમજ મરી-મસાલા અને અખાદ્ય તેલ સહિતની અનેક સમસ્યાઓ જોવા મળતી હોય છે.

ચોમાસાનો સમય હોય સુર્યશકિતનાં અભાવે પાણીજન્ય કે મચ્છરજન્ય રોગ માથુ ઉંચકી રહયા હોય તેવા સમયે ફ્રુડ અને આરોગ્ય વિભાગ આળશ ખંખેરીને જો કોઈ વ્યકિત અખાદ્ય પદાર્થનું વેચાણ કરતા હોય તેની સામે નિયમાનુસાર કાર્યવાહી કરે તેવી માંગ ઉભી થઈ છે.

## ડાયાબિટિસ અને બ્લડપ્રેશરની દવાને બદલે

# સુખપુરની વૃધ્ધાએ ભૂલથી ઝેરી દવા પી લેતા મોત નિપજયું

અમરેલી, તા. ૧૫

ધારી તાલુકાના સુખપુર ગામે રહેતા સવિતાબેન નાનજીભાઈ ચૌહાણ નામનાં ૭૬ વર્ષિય વૃધ્ધને ડાયાબીટીસ તથા બી.પી.ની બીમારી હોય જેની દવા ચાલુ હોય. વૃધ્ધાએ જમીને પેટમાં બળતરા થતા ડાયાબીટીસની દવાને બદલે પોતાની મેળે ભુલથી ઘરમાં પડેલ ઘઉંમાં નાખવાની ઝેરી દવા પી જતા સારવાર માટે દવાખાને લઈ જતા વૃધ્ધા મરણગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

# રાજુલાનાં ચાંચબંદર ગામે સમાધાન કરવા ગયા અને પુનઃ બઘડાટી બોલી

અમરેલી, તા. ૧૫

રાજુલા તાલુકાના ચાંચબંદર ગામે આવેલ વેણ વિસ્તારમાં રહેતા વિષ્ણુભાઈ દેવાભાઈ ચૌહાણ નામનાં ૩૦ વર્ષિય યુવકને ચાંચ ગામે રહેતા આરોપી લાલાભાઈ સામાભાઈ ધુંધરવા સહિત ૬ સાથે અગાઉ માથાકુટ થયેલ હોય. જેના સમાધાન બાબતે યુવકને બોલાવતા યુવક પોતાની સાળીના લગ્નમાં જમીનેત્યાંતા. ૧ ૩ નારોજ સાંજના આશરે ત્રણેક વાગ્યે જતા આરોપીઓએ યુવકને ગાળો આપી ઢીકાપાટુથી માર મારતા યુવક ત્યાંથી જતા રહેલ બાદમાં સમજાવવા જતા આરોપીએ કુહાડીનો એક ઘા યુવકના વાંસાના ભાગે લોખંડનો પાઈપ અમરશીભાઈને માથાના ભાગે ગંભીર ઈજા કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

## અવાર નવાર ફાટક બંધ થવાથી વાહનવ્યવહાર ઠપ્પ થતો હોય

# લીલીયામોટા : પીપળવા માર્ગ ઉપર રેલ્વે ફાટક હોવાથી ગરનાળુ અથવા ઓવરબ્રિજ બનાવો

**ભાજપનાં અગ્રણીએ સાસંદ સુતરીયાને રજૂઆત કરી**

લીલીયા મોટા, તા. ૧૫

લીલીયા મોટાનાં પીપળવા રોડ ઉપર રેલ્વે ફાટક આવેલુ છે. ત્યાંથી દરરોજ દર કલાકે માલગાડી પસાર થાય છે અને સમયાંતરે પેસેન્જર ટ્રેઈન પણ પસાર થાય છે. જેથી ટ્રાફિકની સમસ્યા રહે છે. આગળ આ રોડ ઉપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલુ હોવાથી અવાર નવાર એમ્બ્યુલન્સ પસાર થતી હોય છે. જેમાં હાર્ટએટેકના દર્દીઓ હોવાથી એમ્બ્યુલન્સને ૧૫થી ૨૦ મિનિટ ઉભુ રહેવુ પડે છે. જેથી દર્દીનો જીવ ઘણીવાર જોખમાં મૂકાય શકે છે. ઉપરાંત નાના મોટા વાહનો-એસ.ટી.ની બસ, રેતીના ડમ્પરો-ટ્રેકટરો તથા સ્કૂલે જતી વિદ્યાર્થીઓની બસ પણ અવર જવર કરતી હોવાથી ટ્રાફિક ખૂબ જ રહે છે.

સાઈનાથ પ્લોટ અને જડેશ્વર વિસ્તારમાં કોળી જ્ઞાતિ તથા અન્ય પછાત વર્ગમાં ૨૦૦ ઉપરાંત રહેઠાણ માટેના મકાનો આવેલ હોવાથી અહીં લોકોની અવર જવર ખૂબ જ રહે છે. જેથી આ વિસ્તારના લોકોની પણ માંગણી છે કે, પીપળવા રોડ ઉપર આવેલ રેલ્વે ફાટક પર અંડર ગ્રાઉન્ડ ગરનાળુ અથવા ઓવરબ્રિજ બનાવવામાં આવે તો દરેક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે એમ છે. આ બાબતે આ વિસ્તારના સાંસદ ભરતભાઈ સુતરીયાને પણ મૌખિક અને લેખિત રજુઆત કરેલી છે. સમગ્ર ગ્રામજનો વતી આ વિસ્તારના ખેડૂત આગેવન અને ભાજપ અગ્રણીય ભાસ્કરભાઈ પટેલની યાદીમાં જણાવવામાં આવે છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## પ્લસ પોઈન્ટ ડોકયુમેન્ટ સેન્ટરનાં સહયોગથી

# અમરેલીનાં અશોક શારદા મંદિર ખાતે જન સુવિધા કેમ્પનું આયોજન સંપન્ન

**રાજકીય અને સામાજિક આગેવાનોએ કાર્યની પ્રશંસા કરી**

અમરેલી, તા. ૧૫

અમરેલીનાં ખત્રીવાડ વિસ્તારમાં આવેલ ''શ્રી અશોક શારદા મંદિર પ્રાથમિક શાળા ખાતે ''પ્લસ પોઈન્ટ ડોકયુમેન્ટ સેન્ટર''નાં સહયોગથી જન સુવિધા કેમ્પ યોજાયો.

જેની અંદર (૧) પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના (૨) આયુષ્યમાન કાર્ડ (૩) આભાકાર્ડ (૪) ઈ.શ્રમ કાર્ડ (૫) ઈ-નિર્માણકાર્ડ(લાલડાયરી) (૬) પાનકાર્ડ વગેરે સરકારી સહાય યોજનાના લાભો મેળ વવા માટેના તમામ જરૂરી કાર્ડ સ્થળ પર ઓનલાઈન કાઢી આપવામાં આવેલ. આ કેમ્પનો બહોળી સંખ્યામાં લાભાર્થીઓએ લાભ લીધેલ ઉપરાંત શહેરના રાજકીય અને સામાજિક આગેવાનોએ આ કામગીરીને બિરદાવેલ હતી.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા ''શ્રી અશોક શારદા મંદિર પ્રાથમિક શાળા''નાં ટ્રસ્ટી એડવોકેટ ઈમ્તિયાઝભાઈ એ. બ્લોચ, પ્રિન્સીપાલ અનીસાબેન એ. બ્લોચ, ટ્રસ્ટી આરીફાબેન એ. બ્લોચ તથા શાળાના સમગ્ર મેમ્બર્સ અને '' પ્લસ પોઈન્ટ ડોકયુમેન્ટ સેન્ટર''ના ચિરાગભાઈ ત્રિવેદી અને સ્ટાફ તથા અશરફભાઈ એ. બ્લોચ અને રશીદાબેન બ્લોચ એ જહેમત ઉઠાવેલ હતી.

# બગસરામાં મોહરમ પર્વ નિમિત્તે તાજીયા બનાવવા આખરી ઓપ

બગસરા, તા. ૧૫

બગસરામાં મોહરમ પર્વ નિમિત્તે તાજીયા બનાવવા માટે આખરી ઓપ આપવામાં આવ્યો છે જેની પૂર્વતૈયારી ચાલી રહી હોય ત્યારે સમગ્ર ગુજરાતમાં તાજીયા મોહરમ મનાવવામાં આવે છે ત્યારે અમરેલી જિલ્લાના બગસરામાં વર્ષોથી તાજીયા જોવા માટે લોકો ગામે ગામથી આવે છે અને વખણાય છે ઈમામ હુસેનની યાદમા મોહરમ મનાવવામાં આવે છે જેમાં આજ રાત ૧૨ કલાકથી તાજીયા પડમાં આવશે અને આવતીકાલે ઠંડા થશે તેનો લાવો લેવા આસપાસના ગામના લોકો તથા અમરેલી જિલ્લાથી બહારથી આવતા લોકો તાજીયા જોવા માટે આવે છે બગસરામાં આ વખતે ૪૦ જેટલા તાજીયા જોવા મળશે જે અમરેલી જિલ્લામાંથી બગસરામાં વધુ જોવા મળશે બગસરામાં હિન્દુ મુસ્લિમની એકતાનું પ્રતીક એટલે મોહરમ જેમાં હિન્દુના લોકો પણ આ તાજીયામાં આલોટવાની તથા શ્રીફળ ચાંદીની આંખ ચડાવવાની માનતા રાખે છે બગસરામાં રંગબેરંગી કલાત્મક તાજીયાને આખરી ઓપ આજે આપવામાં આવ્યો છે ત્યારે તેને બગસરાની બજારમાં દર્શનાથ માટે લોકો તલપાપડ થઈ રહ્યા છે.



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

# કુંકાવાવ, વડિયા અને દેવગામ ખાતે આરોગ્ય વિભાગ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો








તસ્વીર : રાજુ યાદવ-કુંકાવાવ

જિલ્લા વિકાસ અધિકારી તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા પંચાયત અમરેલી તેમજ આરોગ્ય સમિતિ અમરેલી હેઠળ કુંકાવાવ તાલુકામાં આવતી જિલ્લા પંચાયત સીટ મુજબ સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. તેમાં દેવગામ, મોટી કુંકાવાવ અને વડિયા સીટ મુજબ સર્વ રોગ નિદાન કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં કુંકાવાવ તાલુકાના પદાધિકારીઓ તેમજ અધિકારીઓ હાજર રહ્યા હતા. તેના અનુસંધાને દેવગામમાં કુલ ૧૯૨, મોટી કુંકાવાવ માં ૧૭૪, વડિયા મેઈલ ૫૧૨ લાભાર્થીએ આરોગ્ય કેમ્પનો લીધેલ કુલ ૮૭૮, જેમાં નવાં ૭૮ જેટલા આયુષ્યમાન આરોગ્ય કાર્ડ કાઢી આપવામાં આવેલ. તેમાં ૨૪ જેટલા કાર્ડ રીન્યુ કરી આપેલ તેમજ ડાયાબિટીસ બ્લડ પ્રેસરની તપાસ કરી આપવામાં આવેલ. આ સાથે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દેવગામ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ પણ રાખવામાં આવેલ. જેમાં ૨૬ યુનીટ બ્લડ કલેકટ કરવામાં આવેલ. જેઈન્ચાર્જ તાલુકા હેલ્થ ઓફિસર કુંકાવાવ ડો. ડી.બી. બલદાણીયાની યાદીમાં જણાવેલ.

## સમગ્ર પંથકની જનતાનાં હિતમાં ધારાસભ્ય જનક તળાવીયાની મહત્વની કામગીરી

# આનંદો : લાઠી ખાતે રૂપિયા ૫૫ કરોડનાં ખર્ચે બનશે સિવિલ હોસ્પિટલ

**ધારાસભ્યની જહેમતથી કોઝ-વે, માર્ગો, પુલો સહિતનાં વિકાસ કાર્યોની વણથંભી વણઝાર**

**આરોગ્યલક્ષી તમામ આધુનીક સુવિધાઓ ઉભી કરવામાં આવશે**

**ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારનાં દર્દીઓને સ્થાનિકક્ષાએ આરોગ્ય સેવાનો લાભ મળશે**

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલનો ધારાસભ્યએ આભાર માન્યો**


પ્રતિકાત્મક તસ્વીર

લાઠી, તા. ૧૫

લાઠી બાબરાના ધારાસભ્ય જનક તળાવીયાએ પુલ, નાળા, કોઝવે, રોડ, રસ્તાઓ કરોડો રૂપિયાના આ વિસ્તારમાં બનાવી વિકાસની હરણફાળ ભરી છે.

લાઠી તાલુકાના ૫૦ ગામો વચ્ચે એક સિવિલ હોસ્પિટલ આવેલી છે. જોકે તે પણ વર્ષોથી જૂના બિલ્ડિંગમાં કાર્યરત છે. આ અંગે ધારાસભ્યને ધ્યાને આવતા સરકારમાં કરેલ રજૂઆતને પગલે ૫૫ કરોડના ખર્ચે નવી અત્યાધુનિક સાધનો સાથેની સિવિલ હોસ્પિટલની મંજૂરી મળી છે. જેને લઈને લાઠી શહેર અને તાલુકાની જનતાને તેનો લાભ મળશે.

લાઠી - બાબરાના ધારાસભ્ય તરીકે ચૂંટાયા બાદ સરકારમાંથી વિકાસના કામોનો ધોધ વહયો છે. મહત્વના કામો પૂર્ણ થઈ રહ્યા છે તેનો લાભ લોકોને મળી રહ્યો છે. તેવામાં ખાસ કરીને લાઠી પંથક આરોગ્ય લક્ષી સુવિધાને લઈને પાછળ ન રહી જાય અને લાઠી શહેર તેમજ તાલુકાના ૫૦ જેટલા ગામોના લોકોને યોગ્ય સારવાર મળી રહે તેની ચિંતા કરીને ધારાસભ્ય દ્વારા સરકારમાં લાઠી શહેરમાં પણ નવી ફેસેલીટી સાથેની અત્યાધુનિક સાધનો સાથેની હોસ્પિટલ મળે તે માટે સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી. ધારાસભ્યની રજૂઆતને ધ્યાને લઈને સરકારમાં આરોગ્ય વિભાગના મંત્રી ઋષિકેશભાઈ પટેલ દ્વારા લાઠી શહેરમાં આવેલ સિવિલ હોસ્પિટલના બાંધકામ સહિતની સુવિધા માટે રૂપિયા ૫૫ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

લાઠી શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી સિવિલ હોસ્પિટલ જૂના બિલ્ડિંગમાં કાર્યરત છે તેવામાં સરકાર દ્વારા અને જાગૃત ધારાસભ્યના પ્રયાસોથી લાઠી શહેરમાં અત્યાધુનિક હોસ્પિટલ નું નિર્માણ થશે અને લાઠી શહેરની તેમજ તાલુકાની જનતાને સારવાર મળી રહેશે અને મોટો ફાયદો વિસ્તારને મળશે.

## અમરેલી : જિલ્લા પંચાયતની ચાવંડ સીટ પર સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લા પંચાયત દ્વારા તેમની સીટ ચાવંડ ખાતે કાણકીયા મહેતા હાઈસ્કુલમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાવંડ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં અમરેલી જિલ્લા જાહેર આરોગ્ય સમિતી-અમરેલીનાં પુર્વ ચેરમેન જીતુભાઈ બી. ડેરનાં વરદ્ હસ્તે દિપ પ્રાગટય કરી આ કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૬૫ જેટલાં દર્દીઓએ ભાગ લીધો હતો. જેમા તાવ, શરદી, ઉધરસ અને અન્ય રોગોનાં દર્દીઓનું નિદાન કરવામાં આવ્યુ હતું. તેમ જ નવા આધાર કાર્ડ, તેમ જ આયુષ્યમાન કાર્ડ અને અપડેશન માટે લાભાર્થીઓ લાભ લીધો હતો. કેન્દ્રનાં મે.ઓ ડો.મુકેશસિંહ દ્વારા ચોમાસાની ઋતુ અંતર્ગત થતાં રોગો તેમ જ તેને અટકાવવાનાં ઉપાયોની વિશેષ ચર્ચા કરી હતી. આ આરોગ્ય કાર્યક્રમમાં ચાવંડ ગામનાં સરપંચ કપીલભાઈ આર.ડેર, તાલુકા પંચાયત લાઠીનાં પ્રમુખ રાકેશભાઈ કે.સોરઠીયા, પ્રા. આ.કે. ચાવંડનાં મેડીકલ ઓફીસર ડો. મુકેશસિંહ, આયુષ મેડીકલ ઓફીસર જાનકીબેન જોષી, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી શેખા, આયુર્વેદીક દવાખાનાનાં મેડીકલ ઓફિસર સોલંકી, આઈ.સી.ડી.એસ વિભાગ લાઠીનાં સુપરવાઈજર કાશ્મીરાબેન ભટ, હાઈસ્કુલનાં આચાર્ય કેતનભાઈ મહેતા, મ.શિ પરેશભાઈ રાવળ, પ્રવિણભાઈ નાયકા, કિશોરભાઈ ડેર, પ્રા. આ.કે. ચાવંડની ટીમમાં મેઈલ સુપરવાઈજર રાવતભાઈ એમ. ગાગીયા, ફીમેલ સુપરવાઈજર માલતીબેન આર. ખંભોળીયા, ફાર્મા. પ્રતિકભાઈ સેજપાલ, લેબટેક શીતલબેન મુંદડીયા, સી.એચ.ઓ પ્રભાતભાઈ બાંભવા, મ.પ.હે.વ મનોજભાઈ બારૈયા, આશા ફે.વર્ષાબેન કનાળા, ફી.હે.વમનિષાબેન પરમાર, આશા બહેનોમાં ભાવુબેન ગોલીતર, નઝમાબેન સૈયદ, વૈશાલીબેન બંધિયા અને ડ્રાઈવરમાં જયસુખભાઈ યાદવ તમામ લોકોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## બાબરા ખાતે શહીદે કરબલાની ન્યાઝમાં બાળકો પ્રસાદ લે છે


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૫

બાબરાનાં કાંકરીયા ચોરા વિસ્તારમાં ઈમામે હુસેનની યાદમાં અને શહીદે કરબલાની ન્યાઝ નાના બાળકો અને સર્વસમાજનાં લોકો અહીયા પ્રસાદ લે છે.

## અમરેલી : સારહિ તપોવન આશ્રમ ખાતે ગાયત્રી યજ્ઞ યોજાયો



અમરેલી, તા. ૧૫

સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત ''નિરાધારનો આધાર'' સારહિ તપોવન આશ્રમ ખાતે તા. ૧૪/૭/૨૪ નાં રોજ પ્રિસિશન ટેલીકોમ કમલેશભાઈ ટાંકના સહ પરિવારને ગયાત્રી યજ્ઞમાનં બેસવાનો લાભ મળ્યો અને યજ્ઞ વિધિ કરેલ સારહી તપોવન આશ્રમમાં રહેતા તપસ્વીઓએ યજ્ઞમાં આહુતી આપી (ગાયત્રી શકિત પીઠ અમરેલીમાંથી ગીતાબેન બાવાશીએ ગાયત્રી યજ્ઞ કરાવ્યો) સારહી યુથ કલબ ઓફ અમરેલી પ્રમુખ મુકેશભાઈ સંઘાણી તથા સારહી પરિવાર દ્વારા હદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

### મહિલાઓનાં સર્વાંગી વિકાસ માટે કાર્યરત

## અમરેલીની તેજસ્વીની વૂમન્સ કલબ દ્વારા ફેન્સી ડ્રેસ સ્પર્ધાનું આયોજન થયું

**ડો. ગજેરા, ડો. ખુંટ સહિતનાં મહેમાનો ઉપસ્થિત રહ્યાં**



ખાંભા, તા. ૧૫

મહિલાઓના સર્વાંગી વિકાસ અને ઘડતર માટે કાર્ય કરતી એક માત્ર અમરેલીની જાણીતી સંસ્થા તેજસ્વીની વુમન્સ કલબ દ્વારા ગત તા.૧૩ શનિવારના રોજ ફેન્સી ડ્રેસ હરીફાઈ તેમજ કેટલાક સ્પર્ધાનું તથા દાતાઓનાં સન્માનનું આયોજન કરવામાં આવેલ હતુ.

આ કાર્યક્રમમાં પી.સી. પી.અને.ડી.ટી.નાં ચેરમેન ડો. જી.જે. ગજેરા તેમજ વિરેનભાઈ રાજપરા, ચંદ્રેશભાઈ ધોળકિયા તેમજ સંસ્થાને સદાય સાથ આપનારા જાણીતા તબીબ ડો. ખુંટ તેમજ રોહિતભાઈ જીવાણી, મનિષાબેન રાઠોડ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમના અંતે મહિલાઓના વિકાસ માટેની ચર્ચા કરી અને ભવિષ્યમાં પણ ઘણા અવનવા કાર્યક્રમો થતા રહે તે માટે વિચારણા કરવામાં આવી હતી. જયારે વિજેતાઓને તથા ઉપસ્થિત દાતાઓનું સન્માન તેજસ્વીની કલબ દ્વારા કરવામાં આવ્યુ હતુ. એમ સંસ્થાના ફાઉન્ડર પ્રમુખ આશાબેન દવેએ જણાવ્યુ હતુ.


માત્ર ૨૦ જ મીનીટમાં...
ફકત ૯.૯૦%ના વાર્ષિક વ્યાજ દરે અને સરળ પ્રક્રિયા દ્વારા ગોલ્ડ લોન
A.P.C.C.S
ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. - અમરેલી
'પીપલ્સ ભવન', ફ્રુટ માર્કેટ, પ્રથમ માળ, ઈન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી.
કોન્ટેક્ટ નંબર-૦૨૭૯૨-૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















### જમ્મુ-કાશ્મીરમાંથી પાકિસ્તાનના ષડયંત્રનો પર્દાફાશ થયો

# આંતરરાષ્ટ્રીય સરહદની નજીક ત્રાસવાદીઓના લોન્ચ પેડ સક્રિય

## લોન્ચ પેડ આતંકવાદી સંગઠનોએ પાકિસ્તાનની મદદથી મટ્ટેવાલા, હેડમરલા, સહંશામાં બનાવ્યા : પાકિસ્તાન આતંકવાદીઓને કાશ્મીરમાં મોકલી રહ્યું છે

જમ્મુ, તા.૧૫

પાકિસ્તાન પોતાની નાપાક હરકતો ઓછી કરતુ નથી. છેલ્લા કેટલાક દિવસોથી સરહદેથી ઘૂસણખોરો સતત ભારતીય સરહદમાં ઘૂસીને આતંકવાદી કૃત્યો કરી રહ્યા છે. તાજેતરના દિવસોમાં ભારતીય સેનાએ જમ્મુ-કાશ્મીરમાં ઘણા આતંકવાદીઓને ઠાર કર્યા છે. આમ છતાં સરહદ પારથી ઘૂસણખોરી ચાલુ રહેવા પામી છે. આંતરરાષ્ટ્રીય સરહદ હોય કે નિયંત્રણ રેખા, પાકિસ્તાન ચારે બાજુથી આતંકવાદીઓને કાશ્મીરમાં મોકલી રહ્યું છે.

દરમિયાન, ભારતીય ઈન્ટેલીજન્સ એજન્સીને માહિતી મળી છે કે, પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા ISIએ ફરી એકવાર આતંકવાદીઓની વ્યાપક ઘૂસણખોરી કરવા માટે આંતરરાષ્ટ્રીય સરહદ નજીક આતંકવાદીઓના લોન્ચ પેડ્સ સક્રિય કર્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે આ લૉન્ચ પેડ આતંકવાદી સંગઠનોએ પાકિસ્તાનની મદદથી મટ્ટેવાલા, હેડમરલા, સહંશામાં બનાવ્યા છે.

હકીકતમાં, પાકિસ્તાનમાં બેઠેલા આતંકવાદીઓના આકાઓ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી ગતિવિધિઓને પ્રોત્સાહન આપવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યા છે. આ માટે આતંકવાદી છાવણીઓ પણ બનાવવામાં આવે છે. જ્યાં યુવાનોને તાલીમ આપવામાં આવે છે. હાલમાં જમ્મુ ડિવિઝનમાં લગભગ ૫૦ આતંકવાદીઓ સક્રિય છે. જેમાંથી મોટાભાગના આતંકવાદીઓ એફટી એટલે કે વિદેશી આતંકવાદીઓ હોવાનું કહેવાય છે.

ભારતીય સેના આતંકવાદીઓને ખતમ કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. કાશ્મીર ખીણની સાથેસાથે જમ્મુ ડિવિઝનના અલગ-અલગ જિલ્લામાં સેના અને સુરક્ષા દળો દ્વારા સતત સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે, જેથી આતંકવાદીઓને જલદીથી ખતમ કરી શકાય.

ઉલ્લેખનિય છે કે ૧૪ જુલાઈએ જમ્મુ-કાશ્મીરના કેરન સેક્ટરમાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા ત્રણ આતંકવાદીઓને સેનાએ ઠાર માર્યા હતા. તેમની પાસેથી ઘાતક હથિયાર અને અન્ય શસ્ત્ર સામગ્રી પણ મળી આવી છે. ભારતમાં ઘૂસી આવેલા અન્ય આતંકવાદીઓને શોધવા માટે સેનાનું સર્ચ ઓપરેશન હજુ પણ ચાલુ છે.વધુમાં ૮ જુલાઈ, ૨૦૨૪ ના રોજ, કઠુઆના બદનોટા વિસ્તારમાં સશસ્ત્ર આતંકવાદીઓના એક જૂથે સૈન્ય વાહન પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ભારતીય સેનાના ૫ જવાન શહીદ થયા હતા, જ્યારે ૮ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

### ૨ કિલો વજન ઘટાડ્યું : તિહાર પ્રશાસન

# અરવિંદ કેજરીવાલ પોતે ઓછું ખાઈને વજન ઘટાડી રહ્યા છે

## આમ આદમી પાર્ટી અને દિલ્હી સરકારના મંત્રીઓના દાવાને જેલ તિહાર પ્રશાસને ફગાવી દીધો હતો

નવી દિલ્હી,તા.૧૫

તિહાર જેલ પ્રશાસને આમ આદમી પાર્ટી (AAP) અને દિલ્હી સરકારના મંત્રીઓના દાવાને આજે સોમવારે ફગાવી દીધો છે કે અરવિંદ કેજરીવાલનું વજન ૮.૫ કિલો ઘટ્યું છે. જેલ પ્રશાસને કહ્યું છે કે, અરવિંદ કેજરીવાલનું વજન હકીકતમાં માત્ર ૨ કિલો ઘટ્યું છે અને તેમણે આવું જાણી જોઈને કર્યું છે. જેલ પ્રશાસન દ્વારા રવિવારે જાહેર કરવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, અરવિંદ કેજરીવાલ પોતે ઓછું ખાઈને વજન ઘટાડી રહ્યા છે.તિહાર પ્રશાસન દ્વારા જણાવવામાં આવ્યું છે કે, જ્યારે કેજરીવાલ ૧ એપ્રિલે પહેલીવાર જેલમાં પહોંચ્યા ત્યારે તેમનું વજન ૬૫ કિલો હતું અને ૨૯ એપ્રિલે તેમનું વજન ૬૬ કિલો નોંધાયું હતું. જે દિવસે તે વચગાળાના જામીન પર જેલમાંથી બહાર આવ્યા ત્યારે તેમનું વજન ૬૪ કિલો હતું. ૨૧ દિવસ બહાર રહ્યા પછી ૨ જૂને જ્યારે તેઓ પાછા આવ્યા ત્યારે તેમનું વજન ૬૩.૫ કિલો હતું. ૧૪ જુલાઈએ તેમનું વજન ૬૧.૫ કિલો હતું. હકીકતમાં તેમનું વજન માત્ર ૨ કિલો ઘટ્યું છે.જેલ પ્રશાસનના અધિકારીઓનું કહેવું છે કે, કેજરીવાલ પોતે જાણીજોઈને વજન ઘટાડી રહ્યા છે. તેમનું કહેવું છે કે જેલ પરત ફર્યાના બીજા દિવસે એટલેકે ૩ જૂનથી તેઓ ઘણીવાર ઘરેથી લાવેલું ખાવાનું પાછું મોકલી દે છે. સત્તાવાર રીતે જારી કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, કેજરીવાલે ૨ કિલો વજન ઘટાડ્યું છે અને તેનું કારણ એ હોઈ શકે છે કે તે ઓછું ભોજન અને ઓછી કેલરીવાળો ખોરાક ખાય રહ્યા છે. નિવેદનની સાથે જ કેજરીવાલને આપવામાં આવેલા અને તેમના દ્વારા પરત કરવામાં આવેલા ભોજનની વિગતો પણ આપવામાં આવી છે.જેલ પ્રશાસને એમ પણ કહ્યું છે કે, આરોપી (અરવિંદ કેજરીવાલ) ૨૪ કલાક વરિષ્ઠ તબીબી અધિકારીની દેખરેખ હેઠળ છે. દરરોજ તેમના સ્વાસ્થ્યની તપાસ કરવામાં આવી રહી છે. મેડિકલ બોર્ડની સલાહ મુજબ કેજરીવાલના બ્લડ શુગર લેવલ પર પણ નજર રાખવામાં આવી રહી છે. તેમને ડોક્ટરોની સલાહ મુજબ આહાર અને સારવાર આપવામાં આવી રહી છે અને તમામ શારીરિક તપાસ સામાન્ય છે. આમ આદમી પાર્ટી અને દિલ્હીના મંત્રીઓ તેમજ ધારાસભ્યો દ્વારા કરવામાં આવેલા દાવાઓને ખોટા ગણાવતા સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, કેજરીવાલના બ્લડ પ્રેશર, સુગર લેવલ અને વજન પર સતત નજર રાખવામાં આવી રહી છે અને પૂરતી સારવાર આપવામાં આવી રહી છે. તે દિવસમાં ત્રણ વખત ઘરે રાંધેલો ખોરાક મેળવી રહ્યા છે. અગાઉ આમ આદમી પાર્ટીએ આરોપ લગાવ્યો હતો કે, જેલમાં કેજરીવાલનું વજન ૮.૫ કિલો ઘટ્યું છે અને તેના કારણે કોઈ અપ્રિય ઘટના બનવાની સંભાવના છે. પાર્ટીએ કહ્યું હતું કે, સૂતી વખતે કેજરીવાલનું શુગર લેવલ પાંચ વખત ૫૦થી નીચે ગયું છે અને જો આવું થાય તો કોમામાં જવાનું જોખમ છે. પાર્ટીનો આરોપ છે કે, જેલમાં કેજરીવાલના સ્વાસ્થ્ય સાથે રમત રમાઈ રહી છે

### જાદુઈ છડી નથી ટિર્ઝેપેટાઇડ દવા

# વજન ઘટાડતી અને ડાયાબિટીસ કાબુમાં રાખતી દવાને ભારતમાં મંજૂરી મળી

## આ દવાઓ પેન અને સિંગલ-ડોઝ શીશીના સ્વરૂપમાં મળશે શરીરમાં આ દવા ચોક્કસ પ્રકારના હોર્મોન્સને સક્રિય કરે છે

નવી દિલ્હી, તા.૧૫

ડાયાબિટીસ અને મેદસ્વિતા એ બે એવી તકલીફો છે જે ભારતમાં બહુ વ્યાપકપણે ફેલાયેલી છે. એકવાર શરીરમાં ઘૂસે પછી આ બંને તકલીફોને કારણે બીજી બિમારીઓ પણ લાગુ પડતી હોય છે. આવા માહોલમાં એક એવી દવા માર્કેટમાં આવી રહી છે જે ડાયાબિટીસ અને મેદસ્વિતા બંને પર અસરકારક સાબિત થઈ છે. દવાનું નામ છે ટિર્ઝેપેટાઇડ.

ટિર્ઝેપેટાઇડ એટલે એક પ્રકારની રાસાયણિક દવાઓ. સેન્ટ્રલ ડ્રગ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન દ્વારા જે દવાઓને ભારતમાં વેચાણ માટે મંજૂરી આપવામાં આવી છે એ છે માઉન્ટજારા અને ઝેપબાઉન્ડ. બંને દવાઓ ટિર્ઝેપેટાઇડના જ બે સ્વરૂપ છે. માઉન્ટજારો ટાઇપ ટુ પ્રકારના ડાયાબિટીસની સારવાર માટે અને ઝેપબાઉન્ડ વજન ઘટાડવા માટેની દવા છે. આ દવાઓ પેન અને સિંગલ-ડોઝ શીશીના સ્વરૂપમાં મળશે.

ટિર્ઝેપેટાઇડ શરીરમાં બે મહત્વપૂર્ણ હોર્મોન્સ 'GIP' અને 'GLP-1' ની નકલ કરીને કામ કરે છે. શરીરમાં દાખલ થતાં જ આ દવા અમુક ચોક્કસ પ્રકારના હોર્મોન્સને સક્રિય કરે છે.

બ્લડ સુગર વધી ગયું હોય એવા સમયે તે સ્વાદુપિંડને વધુ માત્રામાં ઈન્સ્યુલિન ઉત્પન્ન કરવા માટે ઉત્તેજિત કરે છે. તે યકૃત દ્વારા ઉત્પાદિત સુગરની માત્રા ઘટાડે છે, પાચનક્રિયા ધીમી કરે છે અને મગજને એવા સંકેત મોકલે છે કે પેટ ભરાઈ ગયું છે, જેથી દર્દી ઓછું ખાય છે. દવાને લીધે દર્દીના લોહીમાં શર્કરાનું સ્તર નીચું જતાં ડાયાબિટીસ કાબૂમાં રહે છે અને ભૂખ ઓછી થઈ જતાં સ્થૂળ માણસનું વજન ઘટવા લાગે છે.

શરીરમાં એકીસાથે બહુવિધ પ્રણાલીઓને પ્રભાવિત કરીને ટિર્ઝેપેટાઇડ ડાયાબિટીસ અને વજનવધારા જેવી બે સમસ્યાઓમાં ફાયદો કરે છે. ઝેપબાઉન્ડ ૩૦ કે તેથી વધુ બોડી માસ ઈન્ડેક્સ ધરાવનારને જઆપવામાં આવે છે. ટિર્ઝેપેટાઇડ લેવાથી રાતોરાત ચમત્કાર નથી થવાના. દર્દીઓ તેમની જીવનશૈલીમાં, આહારમાં જરૂરી ફેરફાર કરશે તો જ ટિર્ઝેપેટાઇડ ફાયદો કરશે, નહીંતર એ કોઈ જાદૂઈ છડીની જેમ કામ નથી કરવાની. એનો ઓવરડોઝ પણ નુકસાનકારક સાબિત થઈ શકે છે.

ટિર્ઝેપેટાઇડની આડઅસરો છે જેમાં ઉબકા આવવા અને ઉલટી થવી , પેટ ફૂલવું , પેટમાં દુખાવો થવો, ચક્કર આવવા તેમજ જરૂર કરતાં વધારે માત્રામાં સુગર ઓછું થઈ જવું . જોકે આડઅસરો દવા લેનાર બધાંને થાય જ એવું જરૂરી નથી અને જેને થાય એને પણ શરીર એકવાર દવાથી ટેવાઈ જાય પછી એ આડઅસરો નહીં થાય, એવું બની શકે. 'મેડ્યુલરી કાર્સિનોમા' નામના થાઈરોઈડ કેન્સરથી પીડિત દર્દીને આ દવા લેવાની છૂટ હોતી નથી. જેના પરિવારમાં કોઈને આ કેન્સર થયું હોય એના માટે પણ આ દવા ઉચિત નથી.મેદસ્વિતાથી પીડાતા પશ્ચિમી દેશોમાં વજન ઘટાડવા માટેની ટિર્ઝેપેટાઇડ દવાઓની ભારે માંગ છે. વિદેશમાં વર્ષ ૨૦૨૨થી આ દવાઓ ઉપલબ્ધ છે. એના સેવનથી સારા પરિણામ મળ્યા હોવાથી અમેરિકન અને યુરોપિયન બજારોમાં આ દવાઓ એટલી લોકપ્રિય બની છે કે ડોક્ટરની સલાહ લીધા વિના જ લોકો આડેધડ એનું સેવન કરવા લાગ્યા છે, જેને લીધે એના કાળા બજાર પણ થાય છે.

### જામીન અરજીની સુનાવણી ટળી

# ભ્રષ્ટાચારના કેસમાં હજુ પણ જેલમાં બંધ રહેશે કેજરીવાલ

## કોર્ટે સુનાવણી સાતમી ઓગસ્ટે હાથ ધરવાનો નિર્ણય લીધો

નવી દિલ્હી, તા.૧૫

કથિત દિલ્હી લિકર પોલિસીમાં મની લોન્ડ્રિંગના કેસમાં જેલમાં બંધ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને જામીન આપવાના વિરોધમાં આજે દિલ્હીની હાઈકોર્ટમાં સુનાવણી થવાની હતી. જો કે કોર્ટે સુનાવણી ટાળી દીધી છે. રાઉઝ એવન્યૂ કોર્ટ દ્વારા કેજરીવાલને જામીન આપવાના વિરોધમાં કોર્ટમાં અરજી કરાઈ હતી. કોર્ટે આગામી સુનાવણી સાતમી ઓગસ્ટે હાથ ધરવાનો નિર્ણય લીધો છે. આ પહેલા હાઈકોર્ટે કેજરીવાલને જામીન આપવાના ટ્રાયલ કોર્ટના આદેશ પર રોક લગાવી દીધી હતી. ગત અઠવાડિયે સુપ્રીમ કોર્ટે EDના કેસમાં કેજરીવાલને વચગાળાના જામીન મંજૂર કર્યા હતા, જોકે તેઓ હજુ પણ જેલમાં બંધ છે, કારણ કે તેમના વિરુદ્ધ ઝૈંમ્દ્વારા દિલ્હી લિકર કૌભાંડ કેસમાં કથિત ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ કરવામાં આવી છે.

કેજરીવાલના વકીલે દિલ્હી હાઈકોર્ટમાં દલીલ કરી છે કે, સુપ્રીમ કોર્ટને આદેશ છે, તેથી તેમને વચગાળાના જામીન અપાયા છે. તેમણે કોર્ટમાં એવું પણ કહ્યું કે, ઈડીએ ગઈકાલે રાત્રે ૧૧.૦૦ કલાકે નવો જવાબ દાખલ કર્યો છે, તેથી અમારે વધુ સમય જોઈએ. કેજરીવાલના વકીલે સમય માંગ્યો છે. આ જ કારણે કોર્ટે આગામી સુનાવણી છ ઓગસ્ટ સુધી સ્થગિત કરી છે અને હવે સાતમી ઓગસ્ટે સુનાવણી હાથ ધરાશે.ઉલ્લેખનીય છે કે, આ પહેલા કેજરીવાલે ટ્રાયલ કોર્ટના આદેશને પડકારતી ઈડીની અરજી મુદ્દે જવાબ દાખલ કર્યો હતો અને કહ્યું હતું કે, તેઓ ઈડી દ્વારા જાસૂસીનો શિકાર બન્યા છે. તેમણે તર્ક આપ્યો કે, મારી જામીન રદ કરવાની ઈડીની અરજી વિચારવાને લાયક નથી અને તેમની અરજી સુપ્રીમ કોર્ટ દ્વારા કરાયેલા નિર્ણયથી તદન અલગ છે.

# CM ભૂપેન્દ્ર પટેલે ત્રિમંદિરમાં દાદા ભગવાનના દર્શન કર્યા

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પૂજ્ય દાદા ભગવાન, પૂજ્ય નીરૂમાંની સમાધિ પર શિશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા

અમદાવાદ, તા.૧૫

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પોતાના જન્મદિવસના અવસર પર વહેલી સવારે અડાલજ ત્રિમંદિર ખાતે દાદા ભગવાન મંદિરમાં દર્શન કરવા પહોચ્યાં હતા. જ્યાં દર્શન અને પૂજા-અર્ચન કરીને દિવસના કાર્યોનો પ્રારંભ કર્યો હતો.

મુખ્યમંત્રીએ ત્રિમંદિર પરિસરમાં પૂજ્ય દાદા ભગવાન, પૂજ્ય નીરૂમાં ની સમાધિ પર શિશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા અને દેવી દેવતાઓના દર્શન તેમજ શિવ મંદિર માં જલાભિષેક કર્યો હતો.તેમજ મુખ્યમંત્રીએ રાજ્યના સૌના સ્વાસ્થ્ય સુખાકારી સમૃદ્ધિ અને સમગ્ર રાજ્યના સમગ્રતયા અવિરત વિકાસ માટે પ્રાર્થના કરી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ મંદિર પરિસરમાં દર્શનાર્થીઓનું ઉષ્માપૂર્ણ અભિવાદન પણ ઝીલ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પોતાના મત વિસ્તારમાં 'દાદા'ના હુલામણા નામથી ઓળખાય છે.ભૂપેન્દ્ર પટેલ સ્થાનિક રાજકારણમાંથી કોર્પોરેશન અને ત્યાર બાદ વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચુંટણીમાં ઘાટલોડિયાના ધારાસભ્ય બનનારા ભૂપેન્દ્ર પટેલ ગુજરાતના ૧૭માં નવા સીએમ છે. ત્યારે આજે મંદિર પરિસરમાં સીએમએ શિવલિંગને જળ પણ ચઢાયું હતુ.

### મતદાનની આગલી રાત્રે ભારે રાજકીય ડ્રામા થયો હતો

# MVAમાં તણાવને કારણે MLC ચૂંટણીમાં હાર?

## શિવસેના (UBT) ના ઉમેદવાર મિલિંદ નાર્વેકરે ૨૨ પ્રથમ પસંદગીના મતોથી જીત મેળવી હતી

નવી દિલ્હી, તા.૧૫

ચૂંટણી પરિણામો અનુસાર, શિવસેના (UBT) ના ઉમેદવાર મિલિંદ નાર્વેકરે 22 પ્રથમ પસંદગીના મતોથી જીત મેળવી હતી, જેમાં ઉદ્ધવ જૂથના 15, એક અપક્ષ મતનો સમાવેશ થાય છે, જ્યારે કોંગ્રેસ દાવો કરે છે કે મિલિંદ નાર્વેકરને તેના 7 મત મળ્યા છે જ્યારે ઉદ્ધવ જૂથનું કહેવું છે કોંગ્રેસને માત્ર 6 મત મળ્યા છે. મહારાષ્ટ્રમાં તાજેતરમાં યોજાયેલી વિધાન પરિષદની ચૂંટણીઓએ વિરોધ પક્ષ એમવીએના રાજકીય સમીકરણોને મોટો ફટકો આપ્યો છે. ભલે એવું લાગતું હતું કે શિવસેના (UBT) ના ઉમેદવાર મિલિંદ નાર્વેકર કોંગ્રેસના મતોની મદદથી સરળતાથી જીતી ગયા છે, મતદાન પહેલા કોંગ્રેસ અને શિવસેના (ઉદ્ધવ જૂથ) વચ્ચે પડદા પાછળ ઘણું રાજકીય નાટક ચાલી રહ્યું હતું. તમને જણાવી દઈએ કે મહારાષ્ટ્રમાં એનડીએના મહાગઠબંધનને 11માંથી 9 બેઠકો મળી છે, જ્યારે ઈન્ડિયા બ્લોકને માત્ર 2 બેઠકો મળી છે.ચૂંટણી પરિણામો અનુસાર, શિવસેના (UBT) ના ઉમેદવાર મિલિંદ નાર્વેકરે 22 પ્રથમ પસંદગીના મતોથી જીત મેળવી હતી, જેમાં ઉદ્ધવ જૂથના 15 મત અને એક અપક્ષ મતનો સમાવેશ થાય છે, જ્યારે કોંગ્રેસ દાવો કરે છે કે મિલિંદ નાર્વેકરને તેના 7 મત મળ્યા છે જૂથનું કહેવું છે કે નાર્વેકરને કોંગ્રેસમાંથી 7 નહીં પણ માત્ર 6 મત મળ્યા છે, તેથી જ તેમના મતોની સંખ્યા 22 થઈ ગઈ છે અને તેઓ બીજા રાઉન્ડમાં ચૂંટણી જીત્યા છે. મળતી માહિતી મુજબ, ઉદ્ધવ જૂથના નેતાઓએ કોંગ્રેસના ભરોસાપાત્ર મતો મેળવવા માટે ઘણી મહેનત કરવી પડી હતી, કારણ કે તેમની પ્રથમ યાદીમાં એવા નામ હતા કે જેના વિશે ઉદ્ધવ જૂથને ડર હતો કે તેઓ ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કરી શકે છે. જેમાં મોહનરાવ હંબર્ડે, હિરામણી ખોસ્કર, સુલભા ખોડકે, કુણાલ પાટીલ અને શિરીષ ચૌધરી જેવા કોંગ્રેસના ધારાસભ્યોના નામ સામેલ છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, કોંગ્રેસ નેતાઓ ઉદ્ધવ જૂથના ઉમેદવાર મિલિંદ નાર્વેકરને સમર્થન આપવા કે શરદ પવાર સમર્થિત ઉમેદવાર જયંત પાટીલને સમર્થન આપવાના મુદ્દે બે જૂથોમાં વહેંચાયેલા હતા, જેઓ ખેડૂત અને કામદાર પાર્ટી (PWP) ના નેતા છે. હકીકતમાં, પૃથ્વીરાજ ચવ્હાણ, બંટી પાટીલ, નસીમ ખાન અને કોંગ્રેસના નાના પટોલેએ ઉદ્ધવ જૂથને ટેકો આપ્યો હતો અને ઉદ્ધવ જૂથને જરૂરી 7 મતો આપ્યા હતા, જ્યારે વિજય વડેટ્ટીવાર અને કોંગ્રેસના બાલાસાહેબ થોરાટ એનસીપી (એસપી) ની તરફેણમાં હતા. જેના કારણે ઉદ્ધવ જૂથના ઉમેદવાર સામે ખતરો ઉભો થયો હતો. ઉદ્ધવ જૂથના નેતાઓ અનિલ દેસાઈ, વિનાયક રાઉત અને વરુણ સરદેસાઈએ કોંગ્રેસના વડેટ્ટીવાર અને થોરાટનો સખત વિરોધ કર્યો અને ખુલ્લેઆમ અવિશ્વાસ વ્યક્ત કર્યો.તે જ સમયે, બંને પક્ષો વચ્ચે જોરદાર દલીલબાજી પછી, 12 જુલાઈના રોજ ઈન્ટરકોન્ટિનેન્ટલ હોટેલમાં કોંગ્રેસના પ્રદેશ પ્રભારી રમેશ ચેનીથલા અને શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેની હાજરીમાં યોજાયેલી બેઠકમાં, ફેરફારો પ્રદેશ કોંગ્રેસ નેતૃત્વ દ્વારા સૂચિત નામો કરવામાં આવ્યા હતા. આખરે, ઉદ્ધવ જૂથના સમર્થનમાં નાના પટોલે, કે.સી. પાડવી, સુરેશ વરપુડકર, શિરીષ ચૌધરી, સહસરામ કોરોટે, મોહનરાવ હુમ્બાર્ડે અને હિરામન ખોસ્કરના 7 નામો પર પ્રસ્તાવને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. જ્યારે મીટિંગ ચાલી રહી હતી ત્યારે શરદ પવાર કેમ્પના પ્રદેશ અધ્યક્ષ જયંત પાટીલ, ધારાસભ્ય જીતેન્દ્ર આવ્હાડ અને જયંત પાટીલના પુત્ર નૃપાલ પાટીલ અને ભત્રીજા નિનાદ પાટીલ પણ મોડી રાત્રે ત્યાં પહોંચ્યા હતા.

### ધારાસભ્યનું આશ્ચર્યજનક અને વિચિત્ર નિવેદન

# ભાજપના ધારાસભ્યએ વિદ્યાર્થીઓને આપી પંચરની દુકાન ખોલવાની સલાહ

## પન્નાલાલ શાક્યએ પ્રધાનમંત્રી કોલેજ ઓફ એક્સેલન્સના ઉદ્દઘાટન સમારોહ દરમિયાન વિદ્યાર્થીઓને આવું કહ્યું

ભોપાલ , તા.૧૫

મધ્યપ્રદેશમાં સત્તાધારી પક્ષ ભાજપના ગુનાના ધારાસભ્યનું એક આશ્ચર્યજનક અને વિચિત્ર નિવેદન સામે આવ્યું છે. ભાજપના ધારાસભ્ય પન્નાલાલ શાક્યએ પ્રધાનમંત્રી કોલેજ ઓફ એક્સેલન્સના ઉદ્દઘાટન સમારોહ દરમિયાન વિદ્યાર્થીઓને કહ્યું છે કે, 'કોલેજની ડિગ્રી તમને મદદ નહીં કરે, મોટરસાયકલ પંચરની દુકાન ખોલો જેથી તમે તમારી આજીવિકા રળી શકો.' ઉલ્લેખનીય છે, મધ્યપ્રદેશના ઉર્જા મંત્રી પ્રદ્યુમન સિંહ તોમરે સમારોહનું ઉદ્દઘાટન કર્યું હતું. ભાજપના ધારાસભ્ય પન્નાલાલ શાક્યએ કહ્યું કે હું જે પણ કહું તે વિજ્ઞાન અને ગણિતના ફોર્મ્યુલાના આધારે કહીશ, તો કૃપા કરીને સમજી લેજો. આ કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓ કમ્પ્રેસર હાઉસ નથી કે જેમાં ડિગ્રી પ્રમાણે હવા ભરી શકાય અને પ્રમાણપત્ર લઈને જતી રહે.

વાસ્તવમાં, શૈક્ષણિક સંસ્થાઓ એવી હોવી જોઈએ કે, જીનકે ઢાઈ અક્ષર પઢે સો પંડિત હોય, પોથી પઢ-પઢ પંડિત ભયા ન કોય અર્થાત અર્થાત પોથીઓ વાંચી વાંચીને કોઈ પંડિત થવાતું નથી, તેના માટે તો પ્રેક્ટિલ સમજ હોવી જરૂરી છે.

વધુમાં કહ્યું કે એક નાલંદા યુનિવર્સિટી હતી. જે કોલેજમાં ૧૮ હજાર વિદ્યાર્થીઓ અને ૧૨૦૦ શિક્ષક હતાં. ૧૧ લોકોએ તે યુનવિર્સિટીને બાળીને ખાખ કરી હતી. બાદમાં ૧૨ હજાર માત્ર વિચરતા જ રહ્યા કે, હવે તે શું કરશે, હિન્દુસ્તાનનું જ્ઞાન ખતમ થઈ ગયું. શું આપણે પણ એવુ શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે, તેના પર પ્રશ્નાર્થ છે. આજે આપણે પોકારી પોકારીને વૃક્ષો વાવવા અપીલ કરી રહ્યા છીએ. પરંતુ તેની જાળવણી ક્યાં સુધી કરીશું. બસ, શું આપણી આટલી જ ફરજ છે કે, વૃક્ષ વાવ્યું. તેના ઉછેર માટે કોઈ પ્રયાસ નહીં. નદી-નાળાઓ પર ગેરકાયદેસર કબજો થઈ રહ્યો છે. સરકારી જમીન પર અતિક્રમણ વધ્યું છે. ચારાની જમીન પણ છીનવાઈ રહી છે. શું આપણે આટલા ભૂખ્યા થઈ ગયા છીએ કે, આ સ્તરે આપણે પર્યાવરણની નુકસાન પહોંચાડી રહ્યા છીએ. અંતે ધારાસભ્યએ કહ્યું કે 'આ કૉલેજની ડિગ્રીથી કંઈ થવાનું નથી. મોટરસાયકલ પંચરની દુકાન ખોલો, જેથી તમે ઓછામાં ઓછું તમારી આજીવિકા તો રળી શકશો. અને પર્યાવરણનુ રક્ષણ પણ થશે

### વિધાનસભા ચૂંટણીના આયોજનની અટકળો

# હેમંત સોરેન ફરી મુખ્યમંત્રી બન્યા બાદ વડાપ્રધાન મોદીને મળ્યા

## હાલમાં જ સીએમ અને ઝારખંડ મુક્તિ મોરચાના નેતા હેમંત સોરેન જામીન પર જેલમાંથી બહાર આવ્યા છે

નવી દિલ્હી, તા.૧૫

ઝારખંડમાં થોડા મહિના પછી વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આ દરમિયાન ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને ફરીથી મુખ્યમંત્રી પદ સાંભળ્યા બાદ દિલ્હીમાં આજે સોમવારે પીએમ મોદી સાથે મુલાકાત કરી હતી.

હાલમાં જ ઝારખંડ મુક્તિ મોરચાના નેતા હેમંત સોરેન જામીન પર જેલમાંથી બહાર આવ્યા છે. જેલમાંથી બહાર આવતાની સાથે જ તેમણે ફરી એકવાર ઝારખંડના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. ઉલ્લેખનીય છે કે, ઝારખંડમાં આ વર્ષના અંતમાં વિધાનસભા ચૂંટણી યોજાઈ શકે છે. હવે આ ચૂંટણીની મોસમ વચ્ચે ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન દિલ્હી જઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા છે. બંને નેતાઓની મુલાકાત હવે ચર્ચાનો વિષય બની છે.

વડાપ્રધાન કાર્યાલય દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, ઝારખંડના મુખ્ય પ્રધાન હેમંત સોરેને દિલ્હીમાં PM આવાસ પર પીએમ મોદી સાથે મુલાકાત કરી હતી. હેમંત સોરેને પણ પીએમ મોદીને ગુલદસ્તો આપ્યો હતો. બીજી તરફ ઝસ હેમંત સોરેને આ બેઠકને સૌજન્ય મુલાકાત ગણાવી હતી. તેમણે ઠ પર લખ્યું કે, '' વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે સૌજન્ય મુલાકાત થઈ.''

ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી નિર્ધારિત સમયના બે મહિના પહેલા ઓક્ટોબરમાં યોજાઈ શકે છે. આ સમયે હરિયાણા અને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. જે શેડ્યૂલ હેઠળ આ બે રાજ્યોમાં ચૂંટણી પહેલાની મતદાર યાદીને અપડેટ અને રિવાઈઝ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે, તે જ શેડ્યૂલ ઝારખંડમાં પણ અનુસરવામાં આવી રહ્યું છે. તેના આધારે ઝારખંડની ચૂંટણી પણ આ બે રાજ્યોની સાથે યોજાય તેવા સંકેતો મળી રહ્યા છે.

ભારતના ચૂંટણીપંચની ઉચ્ચ સ્તરીય ટીમે ૧૦ અને ૧૧ જુલાઈના રોજ ઝારખંડની મુલાકાત લીધી હતી. વરિષ્ઠ નાયબ ચૂંટણી કકમિશ્નર ધર્મેન્દ્ર શર્મા અને નિતેશ વ્યાસે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી કે. રવિ કુમાર અને તમામ ૨૪ જિલ્લાઓના ચૂંટણી અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી અને મતદાર યાદી સુધારણા અને મતદાન મથકોની તૈયારીઓની સમીક્ષા કરી હતી.

# દેશભરમાંથી ૨૦૦ ખેડૂત નેતાઓ ૨૨ જુલાઈએ દિલ્હી આવશે

નવી દિલ્હી, તા.૧૫

વિપક્ષના નેતા રાહુલ ગાંધી 22 જુલાઈએ દિલ્હીમાં ખેડૂતોને મળશે. ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલે આ જાણકારી આપી. તેમણે કહ્યું કે 22મી જુલાઈએ દિલ્હીમાં ખેડૂતોની મહત્વની બેઠક યોજાવા જઈ રહી છે. MSP કાયદો લાવવા માટે દેશભરમાંથી 200 ખેડૂત નેતાઓ તેમાં ભાગ લેશે. વિપક્ષના નેતા રાહુલ ગાંધી 22 જુલાઈએ દિલ્હીમાં ખેડૂતોને મળશે. ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલે આ જાણકારી આપી. તેમણે કહ્યું કે 22મી જુલાઈએ દિલ્હીમાં ખેડૂતોની મહત્વની બેઠક યોજાવા જઈ રહી છે. MSP કાયદો લાવવા માટે દેશભરમાંથી 200 ખેડૂત નેતાઓ તેમાં ભાગ લેશે. ખેડૂત નેતાએ કહ્યું કે સરકાર એવો ભ્રમ ફેલાવી રહી છે કે જો MSP કાયદો ગેરંટી બની જશે તો લાખો કરોડ રૂપિયા ખર્ચ થશે. આવી સ્થિતિમાં, અમે તમને જણાવીશું કે એક પૈસો પણ ખર્ચવામાં આવશે નહીં. દલ્લેવાલે કહ્યું કે રાહુલ ગાંધી ખેડૂત નેતાઓને મળશે. બેઠકમાં આ મુદ્દા પર પણ ચર્ચા કરવામાં આવશે કે MSP કાયદાની ગેરંટી પર પૈસા કેવી રીતે ખર્ચવામાં નહીં આવે. મોનસૂન સત્રમાં એમએસપી કાયદાની ગેરંટીની માંગ સ્વીકારવા માટે સરકાર પર દબાણ લાવવાની વાત પણ થશે. જો કે ઈન્ડિયા બ્લોકે પહેલા કહ્યું હતું કે જો સરકાર બનશે તો તેઓ ખેડૂતોની માંગણીઓ સ્વીકારશે, પરંતુ તેમની સરકાર બની નથી, પરંતુ તેઓ વિરોધમાં મોટી ભૂમિકા ભજવી રહ્યા છે.

# ડુંગર, ભેરાઈ અને ચાંચ સહિતનાં ગામોમાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો






અમરેલી જીલ્લા પંચાયત અને આરોગ્ય સમિતી સંયુકત ઉપક્રમે રાજુલા તાલુકાનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ડુંગર અને ભેરાઈ તેમજ પ્રાથમિક શાળા ચાંચ અને કોટડી ખાતે જીલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાનાં માર્ગદર્શન હેઠળ સર્વ રોગ નિદાન કેમ્પ અને આધાર કાર્ડ કેમ્પનુ આયોજન કરવામાં આવેલ.જેમાં ૧૩૬૧ લાભાર્થીઓએ કેમ્પનો લાભ લીધો હતો. સર્વરોગ નિદાન કેમ્પને જીલ્લા અને તાલુકા પંચાયત સભ્યઓ તેમજ સરપંચઓનાં હાથે દીપ પ્રાગટય કરી કેમ્પને ખુલ્લો મુકવામાં આવતા રાજુલા તાલુકાનાં ૧૩૬૧ લાભાર્થીઓ દ્વારા કેમ્પનો લાભ લેવામાંઆવેલ. જેમા મફત સર્વરોગ નિદાન ચેકઅપ અને સારવાર, બિનચેપી રોગો જેવા કે બીપી, ડાયાબિટીસ અને કેન્સર સહિતનાં રોગોનુ સ્કીનીંગ, આયુષમાન કાર્ડ, આભા કાર્ડ, આધાર કાર્ડ, સર્વેલન્સ અને કલોરીનેશન કામગીરી તેમજ આયુર્વેદિક દવાઓનું વિતરણ સહિતની કામગીરી કરવામા આવેલ. વધુમાં વધુ લોકો કેમ્પનો લાભ લે તે માટે કેમ્પ અગાઉ માઈકપ્રચાર અને પત્રીકાવિતરણ તેમજ જીલ્લા અને તાલુકા પંચાયત સભ્યઓ તેમજ સરપંચઓને જાણ કરવા સહિતની કામગીરી તાલુકા હેલ્થ ઓફિસર ડો.નિલેશ કલસરીયા અને ટીડીઓ હિતેષ પરમાર સહિતની ટીમ દ્વારા કરવામાં આવેલ. આયોજીત નિદાન કેમ્પને સફળ બનાવવા માટે ટીએચઓ ડા.એન.વી.કલસરીયા, ટીડીઓ હિતેષ પરમાર, મેડિકલ ઓફિસર ડો.ધિરજ ભુવા, ડો.પાલુ ભાદરકા, ડો.નમ્રતા બલદાણીયા, ડો.કિંજલ કાતરીયા, સુપરવાઈઝરઓ, આરોગ્ય સ્ટાફ અને પંચાયત સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી. જે યાદીમાં જણાવેલ છે.

### દેવી - દેવતાઓની મૂર્તિ હોવાનો દાવો

# ભોજશાળા પર ASIએ ૨૦૦૦ પાનાનો રિપોર્ટ HCમાં રજૂ કર્યો

### ASIએ ૨૨ માર્ચથી ભોજશાળાનો સર્વે શરૂ કર્યો હતો

ભોપાલ, તા.૧૫

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) વિભાગે મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં આજે સોમવારે ધારની ભોજશાળા-કમાલ મૌલા મસ્જિદ સંકુલનો સર્વે રિપોર્ટ રજૂ કર્યો છે. ASI એડવોકેટ હિમાંશુ જોશીએ કહ્યું કે, ૨૦૦૦ પાનાનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે. ASIએ ૨૨ માર્ચથી સર્વે શરૂ કર્યો હતો, જે ૯૮ દિવસ સુધી ચાલ્યો હતો. હિન્દુ પક્ષના અરજદારે દાવો કર્યો છે કે, ASI સર્વે દરમિયાન ભોજશાળામાંથી દેવી-દેવતાઓની મૂર્તિઓ મળી આવી છે. બીજી તરફ, હિન્દુ પક્ષે સુપ્રીમ કોર્ટ પાસે વહેલી સુનાવણીની માંગ કરી હતી અને MP હાઈકોર્ટ દ્વારા સુનાવણી પરના પ્રતિબંધ સામે વહેલી સુનાવણીની માંગ કરી હતી.

હિન્દુ સમુદાય ભોજશાળાને વાગદેવી (દેવી સરસ્વતી)ના મંદિર તરીકે માને છે, જ્યારે મુસ્લિમ પક્ષ આ ૧૧મી સદીના સ્મારકને કમલ મૌલા મસ્જિદ કહે છે. આ સંકુલ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા સુરક્ષિત છે. સુપ્રીમ કોર્ટે આશ્વાસન આપ્યું છે કે, તે આ મામલાની તપાસ કરશે. ઉલ્લેખનીય છે કે, ૧ એપ્રિલે સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટની ઈન્દોર બેંચ દ્વારા વધુ સુનાવણી પર રોક લગાવી દીધી હતી. જોકે ASI સર્વેને લીલી ઝંડી આપવામાં આવી હતી. અરજીકર્તાના વકીલ વિષ્ણુ જૈને કોર્ટને જણાવ્યું હતું કે, હવે છજીૈંનો રિપોર્ટ હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં સુપ્રીમ કોર્ટે કેસની સુનાવણી કરવી જોઈએ.

'હિન્દુ ફ્રન્ટ ફોર જસ્ટિસ' નામના સંગઠનની અરજી પર મધ્યપ્રદેશ હાઈકોર્ટે ૧૧ માર્ચે ASIને ભોજશાળા-કમાલ મૌલા મસ્જિદ સંકુલનું વૈજ્ઞાનિક સર્વેક્ષણ કરવાનો આદેશ આપ્યો હતો. આ પછી ASIએ ૨૨ માર્ચથી આ વિવાદિત સંકુલનો સર્વે શરૂ કર્યો હતો. મધ્યપ્રદેશ હાઈકોર્ટે ૨ જુલાઈએ રિપોર્ટ રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. પરંતુ ASIએ સર્વે રિપોર્ટ સબમિટ કરવા માટે ચાર સપ્તાહનો સમય વધારવાની માંગણી કરી હતી. મધ્યપ્રદેશ હાઈકોર્ટે ૧૦ દિવસનો સમયગાળો આપ્યો હતો અને ૧૫ જુલાઈ સુધીમાં સર્વે રિપોર્ટ રજૂ કરવાનો નિર્દેશ કર્યો હતો.ભોજશાળા મુક્તિ યજ્ઞના સંયોજક ગોપાલ શર્મા, જે સર્વેક્ષણ દરમિયાન હિન્દુઓના પ્રતિનિધિ તરીકે હાજર હતા, તેમણે દાવો કર્યો હતો કે છજીૈંને ભગવાન શિવની પૌરાણિક મૂર્તિઓ અને 'વાસુકી નાગ' (સાત માથાવાળા સાપ) સહિત અનેક પુરાતત્વીય અવશેષો મળ્યા છે.

સર્વેક્ષણ દરમિયાન, અસંખ્ય શિલ્પો, બંધારણો, સ્તંભો, દિવાલો અને ભીંતચિત્રો સહિત ૧,૭૦૦થી વધુ કલાકૃતિઓ ઉજાગર થઈ હતી. ASIએ સંકુલના ખોદકામ દરમિયાન મળેલા પથ્થરો અને થાંભલાઓનું 'કાર્બન ડેટિંગ' સર્વે પણ હાથ ધર્યું હતું. સમગ્ર સર્વે પ્રક્રિયા હાઈકોર્ટના નિર્દેશને અનુસરીને અને બંને (હિન્દી-મુસ્લિમ) પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં કરવામાં આવી હતી.હાલમાં, વિવાદાસ્પદ સંકુલ ASIના રક્ષણ હેઠળ છે અને હિન્દુઓને સંકુલના વાગદેવી (સરસ્વતી) મંદિરમાં દર મંગળવારે પૂજા કરવાની મંજૂરી છે, જ્યારે મુસ્લિમોને દર શુક્રવારે સંકુલની એક બાજુએ આવેલી મસ્જિદમાં નમાઝ અદા કરવાની મંજૂરી છે.

### બીજો દરવાજો ખુલતા SP થયા બેભાન

# પુરીમાં ૪૬ વર્ષ બાદ ખૂલ્યો જગન્નાથ મંદિરનો ખજાનો

### લાકડાની ૬ ભારે પેટીઓનો સામાન કરાયો સીલ

પુરી, તા.૧૫

આખરે ૪૬ વર્ષ પછી ઓડિશાના પુરીમાં સ્થિતિ ૧૨મી સદીમાં બનેલા જગન્નાથ મંદિરનો ખજાનો ખુલ્યો છે અને રત્ન ભંડારની સંપત્તિની ગણતરી શરૂ થઈ ગઈ છે.

એક શુભ મુહૂર્તમાં આ રત્ન ભંડારનો દરવાજો ૪૬ વર્ષ બાદ ખોલવામાં આવ્યો હતો. આ દરમિયાન સરકારી પ્રતિનિધિઓ સહિત ૧૧ લોકો હાજર હતા. તિજોરી ખોલતા પહેલા પુરી પ્રશાસને ૬ ખાસ મોટા બોક્સ મગાવ્યા હતા. આ દરમિયાન મોટી સંખ્યામાં પોલીસ સુરક્ષા તહેનાત કરવામાં આવી હતી.

જગન્નાથ મંદિરના રત્ન ભંડારના દરવાજા છેલ્લે ૧૯૭૮માં ખોલવામાં આવ્યા હતા. ઓડિશા સરકાર કહે છે કે ઓડિટમાં કિંમતી પથ્થરોથી જડેલા ૧૪૯.૬ કિલોથી વધુ સોનાના આભૂષણો, ૨૫૮.૩ કિલો ચાંદીના વાસણો અને અન્ય વસ્તુઓનો સમાવેશ થાય છે. જગન્નાથ મંદિર પ્રશાસનના મુખ્ય પ્રશાસક અરબિન્દા પાધીનું કહેવું છે કે તેઓએ રવિવારે SOP મુજબ તમામ કામ કર્યું હતું. રત્ન ભંડારની બહારનો રુમ ખોલવામાં આવ્યો અને ત્યાં રાખેલા તમામ દાગીના અને કિંમતી સામાનને મંદિરની અંદરના અસ્થાયી સ્ટ્રોંગ રૂમમાં ખસેડવામાં આવ્યો. આ પછી સ્ટ્રોંગ રૂમને સીલ કરી દેવામાં આવ્યો છે.

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) સુપરિન્ટેન્ડેન્ટ ડીબી ગડનાયકે જણાવ્યું હતું કે સમારકામ માટે રત્ના ભંડારનો સર્વે કરવામાં આવશે. બીજી તરફ રત્ન ભંડારનો બીજો દરવાજો ખૂલતા જ એસપી પિનાક મિશ્રા બેભાન થઈ ગયા હતા. જોકે તેનું કારણ જાણી શકાયું નથી. બાદમાં મંદિર પરિસરમાં જ તેની સારવાર કરવામાં આવી હતી.

### સોનાની ખરીદીમાં હવે રાહત મળશે

# સોનાના અલગ અલગ ભાવોની ચિંતામાંથી મુક્તિ, વન નેશન, વન રેટ

### સરકારે દેશમાં સોનાના એક જ સરખા ભાવ નિર્ધારિત કરવાનું નક્કી કર્યું: રાષ્ટ્રીય સ્તરે એક બુલિયન એક્સચેન્જ બનાવાશે

નવી દિલ્હી, તા.૧૫

દેશના નાગરિકોને, ખાસ કરીને મહિલાઓને સોનાની ખરીદીમાં હવે રાહત મળશે કેમ કે સરકારે આખા દેશમાં સોનાના એક જ સરખા ભાવ નિર્ધારિત કરવાનું નક્કી કર્યું છે.

દેશના અલગ અલગ શહેરોમાં સોના – ચાંદીના ભાવ અલગ અલગ હોય છે, તેને કારણે આ કિમતી ધાતુઓના સાચા ભાવ વિશે હંમેશાં દુવિધા રહ્યા કરે છે. પરંતુ હવે Gold Price Policy અંતર્ગત One Nation, One Rate અર્થાત આખા દેશમાં સોનાના ભાવો એક સરખા રહેશે. સામાન્ય રીતે આ કિમતી ધાતુઓના ભાવ વિવિધ શહેરોમાં અલગ અલગ હોવાનું કારણ જે તે રાજ્યમાં ટેક્સના દરોનો તફાવત હોય છે. જોકે એ સિવાય પણ અન્ય કેટલીક બાબતો ભાવ-નિર્ધારણ કરતી હોય છે. પરંતુ હવે સરકારે એક દેશ, એક ભાવ નીતિ લાગુ કરવા તૈયાર છે, જેને પગલે દેશના કોઈપણ શહેરમાંથી સોનાની ખરીદી એક સરખા ભાવે થઈ શકશે. ભાવ તફાવતને કારણે તેની ખરીદી માટે બીજા શહેર કે બીજા રાજ્યમાં નજર દોડાવવાની જરૂર નહીં પડે.

એક દેશ, એક ભાવ નીતિ ભારત સરકારની યોજના છે. સરકારનો આશય એ છે કે આખા દેશમાં સોનાની કિમત એક સમાન હોય.

આ યોજનાના અમલ માટે સરકાર રાષ્ટ્રીય સ્તરે એક બુલિયન એક્સચેન્જ બનાવશે. આ રાષ્ટ્રીય બુલિયન એક્સચેન્જ સોનાના ભાવ નક્કી કરશે. ઉદાહરણ તરીકે જે રીતે, શેર બજારમાં કોઈ કંપનીના શેરના ભાવ આખા દેશમાં એક સમાન હોય છે જે ભાવ મુંબઈ શેર બજાર અથવા નેશનલ સ્ટૉક એક્સચેન્જમાં લિસ્ટેડ હોય છે.

હાલ સોના-ચાંદીનું ખરીદ – વેચાણ MCX દ્વારા થાય છે, પરંતુ હવે સરાફા બજાર માટે પણ એક અલગ એક્સચેન્જ શરૂ થશે. વાસ્તવમાં આવું એક્સચેન્જ હોવું જોઈએ તેવી માગણી ઘણાં વર્ષથી થઈ રહી છે. આ નવી નીતિ લાગુ થવાથી રાષ્ટ્રીય સ્તરે બુલિયન એક્સચેન્જ જ સોનાના ભાવ નક્કી કરશે અને આખા દેશના સોનીઓએ એક્સચેન્જ દ્વારા નક્કી થાય એ કિમતે જ સોનું વેચવું પડશે.

હાલ સોનાના ભાવ શરાફા બજારના એસોસિએશન દ્વારા નિર્ધારિત થાય છે. આવાં એસોસિએશન પ્રત્યેક શહેરમાં અલગ અલગ અલગ હોય છે. સામાન્ય રીતે દરેક શરાફા બજાર પોતપોતાના શહેરમાં સોનાના ભાવ સાંજે જાહેર કરતા હોય છે. પેટ્રોલ-ડીઝલની જેમ સોના-ચાંદીના ભાવ પણ દરરોજ નિર્ધારિત થાય છે. આ કિમતી ધાતુઓના ભાવ ઉપર પણ વૈશ્વિક સેન્ટિમેન્ટની અસર થતી હોય છે. એ જ રીતે આંતરરાષ્ટ્રીય બજારોમાં ભાવોમાં જે વધઘટ થાય તેની અસર પણ ભારતના બુલિયન બજારમાં થતી હોય છે. જોકે હવે આ નીતિ લાગુ થવાથી સોના-ચાંદી ઉદ્યોગમાં પારદર્શિતા વધશે જેનો સીધો લાભ સામાન્ય નાગરિકોને થશે. ઉપરાંત ભાવોમાં જે ફેરફાર છે તે અનિશ્ચિતતા દૂર થવાથી શક્ય છે સોનાના ભાવમાં પણ ઘટાડો થઈ શકે.

### કર્ણાટકના ડેપ્યુટી સીએમ શિવકુમારને મોટો ઝટકો

# સુપ્રીમ કોર્ટે CBI તપાસને રદ કરવાની અરજી ફગાવી

### અપ્રમાણસર સંપત્તિના કેસને રદ કરવાની અરજી ફગાવી

કર્ણાટક, તા.૧૫

સુપ્રીમ કોર્ટે સોમવારે કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારને ઝટકો આપ્યો છે. શિવકુમારની અપ્રમાણસર સંપત્તિના કથિત કેસમાં સીબીઆઈ દ્વારા તેમની સામે નોંધાયેલા કેસને રદ કરવાની માંગ કરી હતી તે અરજીને કોર્ટે ફગાવી દીધી છે. એવા અહેવાલ છે કે શિવકુમારે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ નોંધાયેલા કેસ સામે વાંધો ઉઠાવ્યો હતો અને સુપ્રીમ કોર્ટને તપાસ સમાપ્ત કરવાની માંગ કરી હતી. જો કે તેમની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો જસ્ટિસ બેલા ત્રિવેદી અને જસ્ટિસ એસસી શર્માની બેન્ચે કહ્યું કે તેઓ કર્ણાટક હાઈકોર્ટના આદેશમાં દખલગીરી કરવા તૈયાર નથી, તેથી શિવકુમારની અરજી ફગાવી દેવામાં આવે છે. નોંધનીય છે કે શિવકુમારે અગાઉ CBI કેસ રદ કરાવવા માટે કર્ણાટક હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ તેમને હાઈકોર્ટમાંથી પણ રાહત મળી નથી. હાઈકોર્ટે સીબીઆઈને આ કેસમાં તપાસ પૂર્ણ કરીને ત્રણ મહિનામાં રિપોર્ટ સોંપવા જણાવ્યું હતું. સીબીઆઈએ આરોપ લગાવ્યો છે કે ડીકે શિવકુમારે ૨૦૧૩ અને ૨૦૧૮ વચ્ચે કોંગ્રેસ સરકારમાં મંત્રી તરીકે સેવા આપતાં તેમની આવકના જાણીતા સ્રોતો કરતાં વધુ સંપત્તિ મેળવી હતી. સીબીઆઈએ આ મામલે ૩ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ કેસ નોંધ્યો હતો. જ્યારે ડીકે શિવકુમારે ૨૦૨૧માં આ બાબતને પડકારી હતી.

# સિસોદીયાને સુપ્રીમે પહેલા આપ્યો ઝટકો, હવે નીચલી કોર્ટમાંથી પણ ન મળી રાહત

નવી દિલ્હી, તા.૧૫

દિલ્હી લિકર પોલિસી કેસમાં જેલમાં રહેલા આમ આદમી પાર્ટી (આપ)ના નેતા મનીષ સિસોદિયાને કોર્ટમાંથી રાહત મળી રહી નથી. પહેલા સુપ્રીમ કોર્ટમાં સુનાવણી મોકૂફ રાખવામાં આવી હતી અને હવે રાઉઝ એવન્યુ કોર્ટે આજે સિસોદિયાની ન્યાયિક કસ્ટડી ૨૨ જુલાઈ સુધી લંબાવી છે. દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ સિસોદિયાને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ મામલે રાઉઝ એવન્યુ કોર્ટમાં આગામી સુનાવણી ૨૨ જુલાઈએ હાથ ધરાશે.મનીષ સિસોદિયા દિલ્હી સરકારમાં આબકારી મંત્રી રહી ચૂક્યા છે. ગયા વર્ષે ૨૬ ફેબ્રુઆરીએ સીબીઆઈએ લીકર પોલીસી કેસમાં તેમની ધરપકડ કરી હતી. જોકે સિસોદિયાએ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ તરત જ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. તે પછી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ED) માર્ચ ૨૦૨૩માં લીકર પોલીસી મુદ્દાને લગતા મની લોન્ડરિંગ કેસમાં તેમની ધરપકડ કરી હતી. આ રીતે હવે સિસોદિયા વિરૂદ્ધ બંને તપાસ એજન્સીઓ ED અને CBI દ્વારા કેસ ચલાવવામાં આવી રહ્યાં છે.સિસોદિયા જામીન માટે અગાઉ સુપ્રીમ કોર્ટમાં પણ અરજી કરી ચુક્યા છે.

આ સિવાય તેમણે નીચલી કોર્ટમાં પણ અરજી કરી હતી. જોકે તેમાં પણ તેમને જામીન મળ્યા નહોતા. આમ આદમી પાર્ટીના નેતાને ન તો દેશની ટોચની કોર્ટમાંથી રાહત મળી રહી છે અને ન તો નીચલી કોર્ટમાંથી. મનીષ સિસોદિયાની જામીન અરજી પર ગુરુવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થવાની હતી. પરંતુ સુનાવણી બેંચમાં રહેલા જસ્ટિસ સંજય કુમારે અંગત કારણોસર આ કેસમાંથી પોતાને અલગ કરી દીધા હતા. જસ્ટિસ સંજીવ ખન્ના, જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ સંજય કુમાર સિસોદિયાની જામીન અરજી પર સુનાવણી કરવાના હતા. બેંચે કહ્યું કે અન્ય બેંચ, જેમાં જસ્ટિસ સંજય કુમાર સભ્ય નથી, તે દારૂ નીતિ મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ED) અને સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન(CBI) દ્વારા દાખલ કરવામાં આવેલા કેસોમાં મનીષ સિસોદિયાની જામીન અરજી પર સુનાવણી કરશે.

### પાકિસ્તાનની શાહબાઝ સરકારે લીધો નિર્ણય

# ઈમરાન ખાનની પાર્ટી PTI પર પ્રતિબંધ લગાવવાનો નિર્ણય

### PTI દ્વારા દેશ વિરોધી પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોવાના આરોપ હેઠળ પાક. સરકારે આ નિર્ણય લેવાનું નક્કી કર્યું

ઈસ્લામાબાદ, તા.૧૫

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની મુશ્કેલીઓ ઓછી થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. પાકિસ્તાન સરકારે આજે સોમવારે ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI) પર પ્રતિબંધ લગાવવાનો નિર્ણય કર્યો છે. પાકિસ્તાનના માહિતી પ્રધાન અત્તાઉલ્લાહ તરારે કહ્યું કે, 'પાકિસ્તાન સરકાર દેશ વિરોધી પ્રવૃત્તિઓના આરોપમાં જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પર પ્રતિબંધ લગાવશે.' ૭૧ વર્ષના ઈમરાન ખાનને બે કેસમાં જેલની સજા થઈ છે. હાલમાં તે રાવલપિંડીની અદિયાલા જેલમાં બંધ છે.પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, તરારે PTIની હાજરી વિના દેશને આગળ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો અને કહ્યું કે, ''સરકારે PTI પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કર્યો છે.'' તેમણે સરકારના નિર્ણય પાછળ ''વિશ્વસનીય પુરાવા'' ટાંક્યા હતા. સરકારનો આ નિર્ણય અનામત સીટોના મામલામાં PTIને સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલી રાહત તેમજ ગેરકાયદેસર લગ્નના કેસમાં ખાનને આપવામાં આવેલી રાહત બાદ આવ્યો છે. નિષ્ણાતોનું કહેવું છે કે, આ ઈમરાન ખાનના રાજકીય અસ્તિત્વને ખતમ કરવાની તૈયારી છે, જેથી તેઓ તેમની લોકપ્રિયતાનો ફાયદો ઉઠાવી ન શકે. કાયદાકીય બાબતો અંગે, 'ઈમરાન ખાનના પ્રવક્તા નઈમ હૈદર પંજુથાએ માહિતી પ્રધાન અત્તાઉલ્લાહ તરારની પ્રેસ કોન્ફરન્સનો જવાબ આપતા કહ્યું હતું કે, સરકારને PTI પર પ્રતિબંધ મૂકવાનો અધિકાર નથી.' સરકારનો દાવો છે કે, ઈમરાન ખાનની પાર્ટીના નેતાઓએ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) સાથે પાકિસ્તાનની સમજૂતીને નિષ્ફળ કરવાનો સંપૂર્ણ પ્રયાસ કર્યો હતો. જેના કારણે દેશને IMF પાસેથી મદદ મળી શકી નથી.અગાઉ, રવિવારે, પાકિસ્તાનની અદાલતે કથિત ભ્રષ્ટાચારના નવા કેસની તપાસ માટે જેલમાં બંધ ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન અને તેમની પત્ની બુશરા બીબીને ભ્રષ્ટાચાર વિરોધી અધિકારીઓને આઠ દિવસની કસ્ટડી માટે સોંપ્યા હતા.

# આગામી બે દિવસ રાજ્યમાં અતિભારે વરસાદની આગાહી

અમદાવાદ, તા.૧૫

આગામી બે દિવસ ગુજરાતમાં ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. સાથે ગુજરાતના ૬ જિલ્લામાં વરસાદનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. કયા જિલ્લામાં રેડ એલર્ટ અપાયું છે તે જિલ્લા પર એક નજર કરીએ. છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, નવસારી અને વલસાડમાં વરસાદનું રેડ એલર્ટ અપાયું છે. અમરેલી, ભાવનગર, બોટાદ, અને સુરેન્દ્રનગરમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે. તો આણંદ, વડોદરા, સાબરકાંઠા અને અરવલ્લીમાં અતિભારે વરસાદની આગાહી છે. જ્યારે અમદાવાદ, તાપી, ડાંગ અને અમરેલીમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરાઈ છે. આ સિવાય ગુજરાતના તમામ જિલ્લામાં યલો એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી છે. ગુજરાતમાં આગામી સાત દિવસ વિવિધ જિલ્લામાં મેઘરાજા મહેરબાન થશે. છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, નવસારી, વલસાડ, દમણ અને, દાદરા નગર હવેલીમાં આજે રેડ અલર્ટ સાથે અત્યંત ભારે વરસાદની આગાહી આગામી બે દિવસ રાજ્યમાં અતિભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગ દ્વારા માછીમારોને બે દિવસ બાદ દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. આ વિશે હવામાન વિભાગના ડાયરેક્ટર એકે દાસે જણાવ્યું કે, ઑફશોર ટ્રફ, સાયકલોનિક સર્ક્યુલેશન, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતા રાજ્યમાં વરસાદ આવશે. આ માટે સમગ્ર રાજ્મયાં રેડ એલર્ટ જાહેર કરાયું છે. અંબાલાલ પટેલે પણ કરી આગાહી હવામાન આગાહીકાર અંબાલાલ પટેલની આગાહી પણ આવી ગઈ છે. તેમના જણાવ્યા અનુસાર, ગુજરાતમાં આગામી ૪૮ કલાકમાં અમદાવાદમાં ભારે વરસાદની શક્યતા છે. સરખેજ, સાણંદ, બાવળામાં ભારે વરસાદ વરસી શકે છે. ડાંગ, વલસાડ, સુરતમાં ભારે વરસાદની શક્યતા છે, તો ભાવનગર, બોટાદ, રાજકોટમાં પણ વરસાદ વરસી શકે છે. જસદણ અને વીંછીયામાં ભારે વરસાદની આગાહી છે. બનાસકાંઠાના ભાગોમાં પણ વરસાદની આગાહી છે. વાવ, દિયોદર, થરાદ તાલુકો, સુઈગામ, હારીજના કેટલાક ભાગોમાં વરસાદ થશે. આગામી ૭૨ કલાકમાં મહેસાણા જિલ્લામાં વરસાદની આગાહી છે. બહુરાજી, કડી, શંખેશ્વરમાં વરસાદની શક્યતા છે. સમી-હારીજ તાલુકામાં વરસાદ વરસી શકે છે.

### શરદ પવાર અને છગન ભુજબળની થઈ મુલાકાત

# અચાનક છગન ભુજબળ શરદ પવારને મળવા પહોંચતા રાજકારણમાં નવા જુનીના એંધાણ

### ભુજબળે એક દિવસ અગાઉ શરદ પવાર પર કર્યા હતા પ્રહારો

મુંબઈ, તા.૧૫

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો જાહેર થયા ત્યારથી મહારાષ્ટ્રમાં નવા જૂનીના એંધાણ વર્તાઈ રહ્યા છે. થોડા મહિનામાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. આ દરમિયાન ૧૫મી જુલાઈએ એનસીપીના વરિષ્ઠ નેતા છગન ભુજબળે બધાને ચોંકાવી દીધા હતા. તે અચાનક શરદ પવારને મળવા માટે પહોંચ્યા હતા.

સૂત્રોના જણાવ્યાનુસાર, એકનાથ શિંદે સરકારના મંત્રી છગન ભુજબળ મરાઠા અને ઓબીસી આરક્ષણના મુદ્દે શરદ પવારનો અભિપ્રાય લેવા ત્યાં ગયા હતા.

નોંધનીય છે કે, શરદ પવારની તબિયત હાલ સારી નથી. તેથી તે અત્યારે આરામ કરી રહ્યો છે. સોમવારે શરદ પવારે માત્ર બે લોકોને મળવા માટે અપોઈન્ટમેન્ટ આપી હતી. આમાંથી એક બેઠક શિવસેના ના ધારાસભ્ય મિલિંદ નાર્વેકર સાથે હતી. શરદ પવારને મળવા માટે છગન ભુજબળને ૪૫ મિનિટ સુધી રાહ જોવી પડી હતી. જો કે, છગન ભુજબળે એ નથી જણાવ્યું કે તે શરદ પવારને મળવા માટે કેમ ગયા હતા. છગન ભુજબળે એક દિવસ પહેલા જ શરદ પવાર પર આકરા પ્રહારો કર્યા હતા. અનામતના મુદ્દે સીએમ એકનાથ શિંદે દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાંથી દૂર રહેવા બદલ છગન ભુજબળે શરદ પવાર પર નિશાન સાધતા કહ્યું હતું કે, 'બારામતીથી ફોન આવ્યા બાદ એમવીએના નેતાએ બેઠકમાં હાજરી આપી ન હતી.'

ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી પહેલા આ બેઠક પરથી અનેક રાજકીય અર્થ કાઢવામાં આવી રહ્યા છે. છગન ભુજબળને લઈને નારાજગી હોવાના અહેવાલો છે.

# અમરેલી તાલુકામાં જીલ્લા પંચાયત સીટ વાઈઝ સર્વ નિદાન કેમ્પ યોજાયા






અમરેલી તાલુકમાં જિલ્લા પંચાયત સીટમાં સર્વ નિદાન કેમ્પ યોજાયામાં આવેલ હતા જેમાં (૧) વાંકીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (૨) ચિતલ સામુહીક આરોગ્ય કેન્દ્ર (૩) મોટા આંકડીયા પ્રાથમિક શાળા અને (૪) કેરીયાનાગસ પ્રાથમિક શાળામાં રાખવામાં આવેલ તમામ જગ્યા એ જીલ્લા પંચાયત સદસ્ય સુરેશભાઈ ખીમજીભાઈ પાથર ચિતલ (ઉપપ્રમુખ જીલ્લા પંચાયત), કૈલાશબેન પ્રવિણભાઈ માંગરોળીયા મોટઆંકડીયા મુકેશભાઈ હરદાસભાઈ બગડા કેરીયાનાગસ, રમાબેન શંભુભાઈ મહીડા મોટામાંડવડા તથા કિશોરભાઈ કાનાણી તાલુકા પંચાયત પ્રમુખ તથા તાલુકા સદસ્યઓ અને ગામ આગેવાનોના વરદ હસ્તે દીપ પ્રાગટય કરીને સર્વ નિદાન કેમ્પોની શરૂઆત કરવામાં આવેલ. માન. જીલ્લા વિકાસ અધિકારીનાં માર્ગદર્શન હેઠળ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી આર.એમ. જોષી સા. તાલુકા હેલ્થ ઓફિસર અમરેલી દ્વારા અમરેલી તાલુકાના જીલ્લા પંચાયત સીટ વાઈઝ સર્વ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. કુલ–૫૦૯ લાભાર્થીએ આ કેમ્પમાં લાભ લીધેલ હતો. જેમાં જનરલ ઓપીડી વિભાગ, આયુષ્માન કાર્ડ કેમ્પ, આધાર કાર્ડ કેમ્પ, આભા કેમ્પ આયુર્વેદ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ જે દર્દીને જરૂર જણાય તેને લેબોરેટરી પણ કરવામાં આવેલ હતી. તમામ રોગોની ડોકટરઓ દ્વારા સારવાર આપવામાં આવેલ માન. જીલ્લા વિકાસ અધિકારી સાહેબ એ સામુહિક આરોગ્ય કેન્દ્ર ચિતલની આજરોજ મુલાકાત લીધેલ સર્ગભા બહેનોને પ્રોટીન કીટનું વિતરણ માન. જીલ્લા વિકાસ અધિકારી સા. તથા ગામ આગેવાનોના વરદ હસ્તે કરવામાં આવેલ અને સાથે સાથે સર્ગભા બહેનોને આયન સુક્રોઝ પણ ચડાવવામાં આવેલ આજરોજ આરોગ્ય શાખા જીલ્લા પંચાયતના એપેડેમીક અધિકારી ડો.એ.કે.સીહ સા. પણ સામુહીક આરોગ્ય કેન્દ્ર ચિતલ સર્વ નિદાન કેમ્પ મુલાકાત લીધેલ કેમ્પોને સફળ બનાવવા ગામના તમામ આગેવાનઓ સામુહીક આરોગ્ય કેન્દ્ર ચિતલના મેડીકલ ઓફીસર તથા સ્ટાફ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મેડીકલ ઓફીસર તથા સુપરવાઈઝરો અને સીએચઓ સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી. તેમ એક યાદી તાલુકા હેલ્થ સુપરવાઈઝર જે.બી. જોષીની યાદી જણાવે છે.

પાના ૧ ઉપરનું ચાલું **બે બાઈક અથડાતાં ૧ વ્યકિતનુ મોત**

તેને માથામા તથા મોઢા ઉપર ગંભીર ઈજા થયેલ હતી. આજુબાજુના માણસો તુરંત જ ત્યા આવી ગયેલ અને તેમાના કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સ ત્યા આવેલ અને અમરેલી સીવીલ હોસ્પીટલમાં લાવતા ફરજ પરના ડોક્ટરે કલમસિંઘ અમલીપારને તપાસીને મરણ ગયેલાનુ જાહેર કરેલ હતા.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | જુવાર સફેદ | ૮૪૨ | ૮૬૨ |
| ૨ | મગફળી | ૧૧૨૬ | ૧૧૬૭ |
| ૩ | ઘઉં | ૪૨૨ | ૪૨૨ |
| ૪ | મેથી | ૮૯૦ | ૮૯૦ |
| ૫ | શીંગ દાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ૨ | ચણા | ૧૧૧૧ | ૧૨૪૦ |
| ૩ | તલ સફેદ | ૨૩૫૦ | ૨૪૦૦ |
| ૪ | તલ કાળા | ૨૯૦૦ | ૨૯૦૦ |
| ૫ | તુવેર | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૬ | શીંગ દાણા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૭ | એરંડા | ૧૦૩૦ | ૧૧૧૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૯૮ | ૧૨૩૪ |
| ૨ | શિંગ મોટી | ૧૧૦૦ | ૧૨૨૫ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૬૪૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૨૭૫ | ૧૫૯૦ |
| ૫ | તલ સફેદ | ૧૮૯૦ | ૨૬૮૦ |
| ૬ | તલ કાળા | ૧૮૮૫ | ૨૯૬૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૫૬૧ | ૩૫૮૦ |
| ૮ | બાજરો | ૩૭૦ | ૩૭૦ |
| ૯ | જુવાર | ૩૯૬ | ૯૦૮ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૭૦ | ૬૧૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૮૬ | ૫૮૬ |
| ૧૨ | મગ | ૧૫૩૪ | ૧૬૦૧ |
| ૧૩ | અડદ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૧૪ | ચણા | ૧૦૯૦ | ૧૩૨૯ |
| ૧૫ | તુવેર | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૧૬ | કપાસ | ૯૮૬ | ૧૫૮૩ |
| ૧૭ | એરંડા | ૧૦૧૦ | ૧૧૫૭ |
| ૧૮ | જીરૂ | ૪૭૭૦ | ૫૧૦૦ |
| ૧૯ | રાયડો | ૬૦૦ | ૧૦૦૦ |
| ૨૦ | ધાણા | ૧૧૫૫ | ૧૩૦૦ |
| ૨૧ | મેથી | ૧૦૫૦ | ૧૧૦૨ |
| ૨૨ | સોયાબીન | ૭૯૮ | ૮૩૫ |

પીએમ વિશ્વકર્મા યોજના અંતર્ગત

# ચલાલા પંથકમાં ૫૦૦ જેટલા વ્યકિતઓને વિવિધ સહાય કરાઈ

## ધારાસભ્ય જે.વી. કાકડીયાની સુંદર કામગીરી



ચલાલા, તા. ૧૫

ચલાલા શહેરમાં વસતા મધ્યમ વર્ગના લોકોને વિશ્વકર્મા યોજના અંતર્ગત ધારાસભ્યના કાર્યાલય ખાતે કેમ્પ રાખીને ૪૮૦ લોકોને લાભ અપાવતા ધારાસભ્ય જે.વી. કાકડીયા તેમજ નાનામાં નાના લોકોને રેશનકાર્ડમાં નામ કમી ઉમેરવા. આયુષ્ય યોજના અંતર્ગત આયુષ્યમાન કાર્ડ ૧૬૦થી કાઢી આપેલ તેમજ કીશાન સન્માન નીધીના ૨૦૦૦ના હપ્તા ન આવે તો હોય તેવા ૩૮૦ લોકોને હપ્તા ચાલુ કરાવેલ છે. તેમજ અન્ય સેવાઓ લોકોને તકલીફો સતત ધારા સભ્યના કાર્યાલયેથી તેમના માર્ગદશસ્ન મુજબ લાભો મેળવે છે. તેમજ સવારના ૮ વાગ્યાથી રાત્રીના ૮ વાગ્યા સુધી કાર્યાલય ખુલ્લું રાખીને લોકોની સેવાનું ઉતમ ઉદાહરણ પુરૂ પાડતા જે.વી. કાકડીયા.

પાના ૮ ઉપરનું ચાલું **રાજુલાનાં જોલાપર ગામનાં**

બેઠેલ હતા. જેમા આગળ ડ્રાઈવરની બાજુની શીટમાં એક નાગા સાધુ જેમનાં માથા ઉપર જટા તથા મોઢા ઉપર ભભુતી લગાવેલ હતી. તેમણે મને પુછેલ કે, અહીંયા નજીકમાં કોઈ ભોળાનાથનુ મંદીર હોય, તો અમારે દર્શન કરવા જાવુ છે. તેમ કહેતા ખેડૂતે કહેલ કે આગળ વીકટર ગામમા ભોળાનાથનુ મંદીર આવેલ છે. તમે ત્યા જાવ તેમ ખેડૂતે કહેલ ત્યાર બાદ નાગા સાધુએ ખેડૂતને ૧૦૦ રૂપીયા આપી અને કહેલ કે આ પ્રસાદી છે. ત્યાર બાદ મને પુછેલ કે તારી પાસે પૈસા છે ? જેથી ખેડૂતે કહેલ કે હા મારી પાસે રૂા.૨૦,૦૦૦ છે. એવુ કહેલ જેથી નાગા સાધુએ કહેલ કે તારા બધા પૈસા મને બતાવ જેથી તે પૈસા પ્રસાદી થઈ જશે. જેથી ખેડૂતે ખીસ્સામાથી પૈસા કાઢી નાગા સાધુને બતાવતા આ નાગા સાધુએ ખેડૂતના હાથમાંથી અચાનક પૈસા ઝુંટવી લઈ તેની ફોરવ્હીલ ગાડી લઈને જતા રહેલ જેથી તેઓ મોટર સાઈકલ લઈ તેમની પાછળ પાછળ વીકટર ગામેથી થોડે દુર આવેલ પેટ્રોલપંપ સુધી ગયેલ હતા. પરંતુ ફોરવ્હીલ ગાડી જોવામા ન આવેલ અને તે મહુવા બાજુ જતા રહેલ હતા. આ બનાવ અંગે પિપાવાવ મરીન પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૧ | ૧૨૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૨૫૦ |
| ૩ | શીંગદાણા | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૩૦ |
| ૫ | તલ કાળા | – | ૩૦૭૦ |
| ૬ | જીરૂ | ૩૫૦૦ | ૪૯૨૧ |
| ૭ | કપાસ | ૧૨૫૦ | ૧૫૭૫ |
| ૮ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૨૬ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૪૫ |
| ૧૦ | બાજરો | ૩૫૦ | ૩૭૦ |
| ૧૧ | જુવાર | ૪૫૦ | ૮૩૫ |
| ૧૨ | મકાઈ | ૫૦૦ | ૫૫૬ |
| ૧૩ | મગ | ૧૪૦૦ | ૧૫૯૦ |
| ૧૪ | અડદ | ૧૪૦૦ | ૧૬૦૧ |
| ૧૫ | ચણા | ૧૧૦૦ | ૧૨૮૮ |
| ૧૬ | તુવેર | ૧૫૦૦ | ૧૮૭૦ |
| ૧૭ | એરંડી | ૧૦૦૦ | ૧૧૬૬ |
| ૧૮ | મેથી | ૮૧૦ | ૧૧૮૧ |
| ૧૯ | ધાણા | – | ૧૦૭૧ |
| ૨૦ | સોયાબીન | – | ૮૨૮ |

એક વર્ષ સુધી સારા ચોઘડિયાની રાહ જોયા કરી

# લીલીયામોટા : અંટાળીયા અને સાજણટીંબા માર્ગ પર આવેલ પુલનું નવિનીકરણ કરવામાં તંત્ર નિષ્ફળ

## માર્ગ–મકાન વિભાગની વધુ એક કહાનીથી ચકચાર



અમરેલી, તા. ૧૫

લીલીયા તાલુકાના અંટાળીયા અને સાંજણટીંબા વચ્ચે આવતી ગાગડિયો નદીનો પુલ તૂટી ગયેલ હોય જેને વહીવટી તંત્રએ માટીનું પુરાણ કરી એક વર્ષ માટે ગાડુ ગબડાવેલ. એક એક વર્ષ સુધી પૂલના નવીનીકરણ ની કામગીરી કરવાના બદલે પુલ ઉપરની અવરજવર બંધ કરી દેવામાં આવતા હાથીગઢ, હરીપર, ગુંદરણ સહિતના ગામના લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તાકીદે પુલનું નવીનીકરણ થાય તેવી લોકોમાંથી માંગણી ઉઠવા પામી રહી છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૧૨ | ૧૫૭૮ |
| ૨ | મગફળી | ૧૦૮૦ | ૧૦૯૦ |
| ૩ | જીરૂ | ૪૭૬૫ | ૪૮૭૫ |
| ૪ | ઘઉ | ૪૭૩ | ૪૯૩ |
| ૫ | તલ સફેદ | ૨૨૫૦ | ૨૪૯૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૩૫ |
| ૨ | ચણા | ૧૧૩૦ | ૧૨૫૪ |
| ૩ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| ૪ | ઘઉં લોકવન | ૪૭૨ | ૫૫૪ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૩૨ |
| ૬ | તલ સફેદ | ૧૭૫૦ | ૨૪૩૦ |
| ૭ | ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૮ | ઈસબગુલ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૯ | જુવાર | ૮૩૨ | ૮૩૨ |
| ૧૦ | સોયાબીન | ૭૦૦ | ૮૨૯ |
| ૧૧ | શીંગદાણા | ૧૪૫૦ | ૧૭૧૫ |
| ૧૨ | શીંગફાડા | ૧૩૯૦ | ૧૩૯૦ |
| ૧૩ | મગફળી | ૮૬૫ | ૧૦૬૦ |
| ૧૪ | તલ કાળા | ૨૫૦૦ | ૨૯૫૦ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લાનાં મોટાભાગનાં વિસ્તારમાં**

ગામડાઓમાં પણ સારો વરસાદ પડી ગયો હતો. અમરેલી શહેરમાં સમી સાંજે ઘટાટોપ વાદળાઓનાં આગમન બાદ દે ધનાધન વરસાદ પડતા રાત્રિનાં ૯ વાગ્યા સુધીમાં એકાદ ઈંચ તો નજીકમાં આવેલ દેવભૂમિ દેવળીયા ખાતે એક કલાકમાં બે ઈંચ વરસાદ પડયાનું જાણવા મળેલ છે.

**આંબરડી**

રાજયમાં ચોમાસાનું આગમન એક માસ પૂર્વે થઈ ગયું છે ત્યારે રાજયમાં કેટલાક ભાગોમાં ભારે વરસાદ પડતાં તારાજી સર્જાઈ છે તો કેટલાક વિસ્તારોમાં હજુ વાવણી પણ થઈ નથી તો "કયાંક" ખુશી તો કયાંક ગમ" જેવી સ્થિતિ ઊભી થઈ છે.

ચોમાસાને એક માસ વીતી જવા છતાં વરસાદ ને લઈ ખેડૂતો ચિંતામાં છે તો કયાંક વરસાદ માટે ચાતક નજરે વરસાદની રાહ જોઈ રહ્યા છે. તેવામાં સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે ચાલુ ચોમાસાની સીઝનમાં ઝાપટાં થી વાવણી થયા બાદ સોમવારે સાંજના સંધ્યા સમયે એકાએક વાતાવરણ પલટાતા વરસાદ શરૂ થતાં ખેડૂતો માટે એક નવું આશાનું કિરણ બંધાયું હતું. સાવરકુંડલા શહેરમાં પણ એક કલાક સુધી ધોધમાર વરસાદ પડી રહ્યો છે. આ લખાય છે ત્યારે આંબરડી ગામે હજુ વરસાદ શરૂ રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા ૧૫ જુલાઈ થી ૨૩ જુલાઈ સુધી વરસાદની આગાહી કરવામાં આવી છે. તે આજના દિવસથી સાચી ઠરી હોય તેવું જોવા મળી રહ્યું છે. હજુ આગામી પાંચ દિવસ સુધી ભારે વરસાદ અમરેલી જિલ્લામાં પાડવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે જેને લઈ દરિયાઈ વિસ્તારમાં માછીમારો ને પણ દરિયો નહિ ખેડવા સૂચના આપવામાં આવી છે.

**લીલીયા**

લીલીયા મોટા પંથકમાં ભારે વરસાદનાં પગલે નાવલી નદીમાં ઘોડાપૂર આવ્યાનું જાણવા મળેલ છે.મોડી સાંજે જિલ્લાનાં મોટાભાગનાં વિસ્તારોમાં દે ધનાધન વરસાદ પડી રહ્યો છે અને આગામી ૩ દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી રહી છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૨૮૯ | ૨૪૯૧ |
| ૨ | કપાસ | ૧૩૦૬ | ૧૪૦૦ |
| ૩ | બાજરો | ૪૫૦ | ૪૯૭ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૨૬ | ૫૮૦ |
| ૫ | જુવાર | ૭૫૧ | ૮૯૦ |
| ૬ | ચણા | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૭ | જીરૂ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૮ | શીંગદાણા | ૧૫૦૦ | ૧૭૧૭ |
| ૯ | સોયાબીન | ૮૧૧ | ૮૭૦ |
| ૧૦ | છોલે ચણા | ૧૬૦૦ | ૧૬૦૦ |

# ચલાલાનાં ગાયત્રી સંસ્કાર વિધાલયમાં વાલી દિવસની ઉજવણી






શિક્ષણ અને સંસ્કારના સુત્રને સાર્થક કરતી તેમજ દર વર્ષે ધોરણ – ૧૦ અને ધોરણ – ૧૨ બોર્ડના સુંદર રિઝલ્ટ લાવી અને બાળકોનું જીવનઘડતર જ જેમનો મુખ્ય ઉદેશ્ય છે તેવી ગાયત્રી સંસ્કાર શકિત ગુરૂકુળ તથા હરિબા મહિલા કોલેજમાં વાલી મીટીંગ યોજાઈ હતી. જેમાં બધા વાલીઓ ખુબજ હર્ષોલ્લાસ સાથે પોતાના લાડકવાયા દીકરા/દિકરીઓને મળવા આવ્યા હતા. મળવાની સાથે બાળકો માટે પોતાના ઘરેથી તેમની મનપસંદ વસ્તુઓ લાવ્યા હતા. બાળકો સાથે વાતચીત કરી હતી. અને બાળકોએ પણ પ્રોજેકટર દ્વારા ખુબ સુંદર શૈક્ષણિક કાર્ય ચાલે છે. દર અઠવાડિયે ટેસ્ટ લેવાય છે. નબળા વિષયો પર પુરતું ધ્યાન આપવામાં આવે છે. તમે ચિંતા ના કરશો એવં આશ્વાસન આપી વાલીને સંતોષ કારક જવાબ બાળકોએ આપ્યો હતો. ડો. રતિદાદા તથા લાલજીકાકાએ આર્શીર્વાદ પાઠવ્યા હતા. શાળામાં અભ્યાસ સાથે ચાલતી સહ અભ્યાસીક પ્રવૃતિમાં કરાટે, ધનુવિદ્યા સ્કેટિંગ, ઘોડેસવારી, રાઈફલ શુટિંગ જેવી અનેક પ્રવૃતિઓ પણ બાળકોને કરાવવામાં આવે છે. બધા વાલીઓ પણ શિક્ષણ સાથે સંસ્કારના સમન્વયને નિહાળી ખૂબ રાજી થયા હતા. બધાએ સાથે ભોજન લઈ વિદાય લીધી હતી. શાળાના ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાળ મહેતા તથા આચાર્ય શીતલબેન મહેતાએ જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## એક તરફ ખેતી કાર્યની મૌસમ અને બીજી તરફ દીપડાના આંટાફેરા

# અમરેલી જિલ્લાનાં ખેડૂતો ફફડતા હૈયે ખેતીકાર્ય કરવા મજબૂર

### ખેડૂતો અને પશુપાલકોને સીમ વિસ્તારમાં અવરજવર કરવામાં કે તેમનાં કાર્યો કરવામાં મુશ્કેલી

### દીપડા જેવા ખૂંખાર પ્રાણીની રંજાડથી વન વિભાગે ખેડૂતો અને પશુપાલકોને બચાવવા જરૂરી

### વન વિભાગ પાસે વિશાળ સંખ્યામાં કર્મચારીઓ અને સાધનો હોય તેનો ઉપયોગ કરવો જોઈએ

### બગસરાનાં જૂની હળીયાદ ગામે ધોળે દિ'એ દીપડાએ ઘેટા ઉપર કર્યો હુમલો

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લાનો મોટાભાગનો વિસ્તાર ગીરકાંઠાને અડીને આવેલ હોવાથી સિંહ, દીપડા જેવા પ્રાણીઓ માનવ વસાહત અને ગામની સીમમાં આવી જતાં હોવાથી ખેતીની મૌસમમાં ખેતીકાર્ય કરતાં ખેડૂતો અને પશુપાલકો ફફડટા હૈયે તેમની રોજગારી મેળવતાં જોવા મળી રહ્યા હોય વન વિભાગે ખેડૂતો અને પશુપાલકોનાં હિતમાં રાની પશુઓને જંગલમાં રવાના



કરવા માટે કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

બગસરાના જૂની હળીયાદ ગામમાં માલધારીઓ પોતાના માલ ઢોર લઈને ચરાવવા જતા હોય છે ત્યારે ગઈ કાલે બનેલ બનાવમાં મહેશભાઈ દેવાભાઈ કોલા પોતાના ઘેટાં લઈને ગામની બહાર આવેલ ચેક ડેમ પાસે ચરાવવા લઈ ગયેલ હતા. ત્યારે અચાનક ત્યાં દીપડો આવી ચડેલ હતો અને આ માલધારીના માલ ઢોર એટલે કે ઘેટાં ઉપર હુમલો કરેલ હતો. જયારે આ માલધારી દ્વારા આ દીપડાને ભગાડવા મહેનત પણ કરેલી હતી પરંતુ આ દીપડો એટલી હદે ખૂંખાર હોવાથી માલધારીની સામો થઈ ગયેલ હતો. જેના લીધે મહેશભાઈએ ગામ તરફ દોટ મૂકી હતી અને સદનસીબે તેમને કોઈ હાની થયેલ નથી. ત્યારેં જગલ ખાતાને પણ આ બાબતે જાણ કરેલી હતી પરંતુ આજે ૨૪ કલાક વિતી ગયા છતાં જંગલ ખાતું ત્યાં ફરકેલ પણ નથી. તો લોકો દ્વારા માંગ ઉઠી છે કે હાલમાં ખેતીની સીઝન ચાલી રહેલ છે અને ખેડૂતો પણ ખેતરે જતા હોય છે ત્યારે આવા બનાવ બનવાથી ખેડૂતોમાં ફફડાટ વ્યાપી ગયો છે અને ખેતરે જવામાં પણ ખેડૂતોને ભય લાગી રહેલ છે. ત્યારે આ ગામના તમામ ખેડૂતો તેમજ ગામ લોકોની માંગ છે કે જંગલ ખાતા દ્વારા અહીંયા પાંજરૂ મૂકી આ દીપડાને પકડી જંગલ ખાતાની રેન્જમાં મુકવામાં આવે જેથી ખેડૂતો ભય મુકત રહીને ખેતી કરી શકે.

### પ્રાકૃતિક ખેતી કરતા કૃષિકારો માટે જીવામૃત અને ઘનજીવામૃત તૈયાર કરવાની રીત

## ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ દ્વારા જમીનની ફળદ્રુપતા વધે છે અને જમીન રાસાયણોના પ્રભાવથી મુકત થાય છે

### જીવામૃત આપવાથી જમીનમાં સુક્ષ્મ જીવાણુની સંખ્યામાં ઝડપથી વધારો થાય છે અને ભેજનું નિર્માણ ઝડપી થાય છે

અમરેલી, તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહાનના પગલે આઝાદીની અમૃત મહોત્સવ અંતર્ગત દિશમાં પ્રાકૃતિક ખેતીનું અભિયાન શરૂ છે. રાજયમાં પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શનમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની પહેલને બહોળા પ્રમાણમાં પ્રતિસાદ મળી રહ્યો છે.

રાજયને આગામી પાંચ વર્ષમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક કૃષિ યુકત બનાવવા માટે મિશન મોડમાં પ્રયાસો થઈ રહ્યા છે. ખેડૂતો રાસાયણિક ખાત છોડી અને પ્રાકૃતિક ખેતી દ્વારા જમીનની ફળદ્રુપતા વધારી શકે છે અને રાસાયણોના પ્રભાવથી જમીનને થતી આડઅસરને લાંબા ગાળા માટે અટકાવી શકાય છે.

રાસાયણિક ખાતરને બદલે જીવામૃત : ખેડૂતોએ આ પદ્ધતિ દ્વારા ખેતી કરતી વેળાએ રાસાયણિક ખાતરને બદલે જીવામૃત વાપરવું જોઈએ. આ જીવામૃત તૈયાર કરવા માટે દેશી ગાયનું ગૌમૂત્ર ૧૦ લીટર + દેશી ગાયનું તાજું છાણ ૧૦ કિ.ગ્રા.+ ઝાડ નીચે પડેલા શેઢા પાળા વાડની માટી ૧ મૂઠી + દેશી ગોળ ૧ કિ.ગ્રા + ચણા ૧ કિ.ગ્રા કે કોઈ પણ દાળના લોટનું મિશ્રણ તૈયાર કરવું. આ મિશ્રણને ૨૦૦ લીટર પાણીના ડ્રમમાં નાખી અને મિશ્રણ મિક્ષ કરવું. ત્યારબાદ ડ્રમને કંતાનના કોથળાથી ઢાંકવું અને છાંયડે રાખવું અને લાકડીથી ઘડિયાળના કાંટાની દિશામાં સવાર–સાંજ ૦૫/૦૫ મિનિટ સુધી હલાવવું. ઉનાળામાં બે–ત્રણ દિવસમાં અને શિયાળામાં એક અઠવાડીયામાં આવી રીતે જીવામૃત બની જશે. જીવામૃત તૈયાર થયા પછી ૧૫ દિવસ તેનો ઉપયોગ કરી શકાય છે.

વાપરવાની રીત : આ જીવામૃતને એક એકર માટે માટે ૨૦૦ લીટર ગાળીને પિયતના પાણી સાથે અથવા ડ્રીપ સાથે મુખ્ય પાકની હારમાં આપવું અને ઉભા પાક પર તેનો છંટકાવ કરવો.

ઘન જીવામૃત તૈયાર કરવાની રીત : સખત તાપમાં સૂકવેલ ઘન ૨૦૦ કિ.ગ્રા. ચાળણીથી ચાળેલા દેશ ગાયના છાણના પાવડરને ૨૦ લીટર જીવામૃત સાથે ભેળવવું. ત્યારબાદ ૪૮ કલાક માટે છાંયો હોય ત્યાં ઢગલો કરી અને ત્યારબાદ પાતળું સ્તર કરી સૂકવવું.

આ સ્તરને દિવસમાં ૨–૩ વાર ઉપર નીચે કરવું. સૂકાઈ જાય ત્યારબાદ તેના ગાંગડાનો ભૂકકો કરી એક વર્ષ સુધી તે વાપરી શકાય છે.

વાપરવાની રીત : ઘન જીવામૃત જમીનમાં અંતિમ ખેડાણ પહેલાં પ્રતિ એકર ૨૦૦ કિ.ગ્રા. અને કુલ અવસ્થાએ પ્રતિ એકર ૧૦૦ કિ.ગ્રા. આપવું.


ફાયદા : જીવામૃત આપવાથી જમીનમાં સુક્ષ્મ જીવાણુની સંખ્યામાં ઝડપથી વધારો થાય છે અને ભેજનું નિર્માણ ઝડપી બને છે. તેમજ તે સુષુપ્ત અળસિયાને સક્રિય કરી અને અલભ્ય પોષક તત્વોને લભ્ય બનાવી છોડના મૂળને પ્રાપ્ત કરાવે છે. આનાથી છોડની રોગ પ્રતિકારક શકિત વધે છે. અને નાઈટ્રોજનની ઉપલબ્ધિ વધે છે.

કોઈ પણ પ્રકારની ખેતી પ્રવૃતિમાં કૃષિ પદ્ધતિથી તૈયાર કરાયેલ જીવામૃત/ઘન જીવામૃતનો ઉપયોગ કરવો જોઈએ. આવું કરવાથી રાસાયણીક ખાતર અને જંતુનાશક દવાનો ખર્ચ ઘટે છે અને જમીનની ફળદ્રુપતા અને પોષક તત્વોની ઉપલબ્ધિ વધે છે.પ્રાકૃતિક ખેતી દ્વારા જમીનની ભેજ સંગ્રહની ક્ષમતા વધે છે અને ઉત્પાદનમાં વધારો થાય છે. માત્ર એક દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રથી ૩૦ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી થઈ શકે છે. પાણી બચત સાથે પર્યાવરણ અને માનવીય સ્વાસ્થ્યનું રક્ષણ થાય છે.

## શુ છે આ સીડ બોલ ? સીડ બોલ કેવી રીતે બનાવી શકાય

અમરેલી, તા. ૧૫

સીડબોલ બનાવવા માટેની શરૂઆત નેચરલ ફાર્મિંગ શરૂ કરનાર નેચરલ ફાર્મિંગ શરૂ કરનાર જાપાની પર્યાવરપ્રેમી માસાનોબુ ફૂકુઓકાએ કરી હતી. ઈજિપ્તમાં નાઈલ નદીમાં પૂર આવવાના કારણે થયેલ નુકસાન બાદ ફરીથી ઝાડ વાવવા માટે પણ આ જ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવતો હતો. ચોમાસા દરમિયાન આ સીડબોલ નાખવાથી ત્યાં નિયમિત પાણી પાવા જવાની પણ જરૂર નથી પડતી, વરસાદના પાણીથી જ તેનો વિકાસ થઈ જાય છે. વરસાદની શરૂઆત થઈ છે તો, સીડબોલ બનાવી તમે પણ વિવિધ જગ્યાએ નાખો અને બાળકો પાસે પણ નખાવો, જેથી તેઓ પણ અત્યારથી પ્રકૃતિની નજીક આવે. સીડબોલ બનાવવા માટે સૌપ્રથમ



અત્યારે આપણા દેશમાં પણ ઘણા પર્યાવરણ પ્રેમીઓ આ પદ્ધતિનો ઉપયોગ કરી રહ્યા છે.

સીડબોલ નામ તો તમે સાંભળ્યું જ હશે, તેના ઉપયોગ વિશે પણ ઘણા લોકો જાણતા હશે, પરંતુ તેને ઘરે કેવી રીતે બનાવી શકાય, એ વિશે બહુ ઓછા લોકો જાણતા હોય છે. સીડ બોલ અર્થબોલ તરીકે પણ ઓળખાય છે. જેમાં વિવિધ પ્રકારનાં બીજને ફળદ્રુપ માટીમાં વિંટીને દડા બનાવવામાં આવે છે.

સતત ઘરી રહેલ હરીયાળીના કારણે આખી પૃથવી ગ્લોબલ વોર્મિંગનો સામનો કરી રહી છે, અને તેનું સમાધાન લાવવાનો એકમાત્ર રસ્તો વૃક્ષારોપણ જ છે. વૃક્ષોથી હવામાં ઓકિસજનનું પ્રમાણ ત વધે છે, સાથે સાથે વૃક્ષો વરસાદ પણ ખેંચી લાવે છે અને વાતાવરણમાંથી ગરમી ઘટાડવામાં પણ મહત્વનો રોલ અદા કરે છે. પરંતુ દરેક જગ્યાએ રોપા વાવવા જવું શકય નથી બનતું ત્યાં સીડબોલ ખૂબજ ઉપયોગી નીવડે છે. સરળતાથી ઊગી નીકળતાં દેશી કુળનાં ઝાડ–છોડનાં બીજમાંથી સીડબોલ બનાવી ખુલ્લી જગ્યાઓ પર ચોમાસા દરમિયાન નાખવામાં આવે તો, તેના પર વરસાદ પડતાં તેમાંથી અંકૂર ફૂટી નીકળે છે. અને ઝાડ–છોડ ઊગી નીકળે છે. આસોપાલવ, અરીઠા, ઉમરો, ખીજડો, ખાખરો, જાંબુ, ગોરસ આમલી, ગરમાળો, ગુંદી, ગુંદો, ચણીબોર, પુત્રંજીવા, પીલુડી ફાલસા, બોરસલી, બીલી, બોર, રામબાવળ, રાયણ, વડ, શીણવી, કડવો લીમડો, સીતાફળ, તુલસી વગેરેમાંથી જેનાં પણ બીજ મળી શેક તેનાં બીજ ભેગાં કરો. ત્યારબાદ ખેતરની માટી લાવો અને તેના પર થોડું પાણી છાંટી ભીની કરો. જો તમારી પાસે છાણીયું ખાતર કે કંપોસ્ટ ખાતર હોય તો તેને પણ આ માટીમાં મિકસ કરી શકાય છે. આ દરમિયાન તમે ભેગાં કરેલ બધાં જ બીજને અલગ–અલગ તારવી દો. હવે નાના બોલ જેટલી માટી હાથમાં લો અને માટીની વચ્ચે ૨ – ૩ બીજ રાખી બોલ વાળીને તેને સૂકવવા મૂકી દો. આ રીતે બધા જ બોલ તૈયાર કરી દો. તૈયાર છે સીડબોલ. હવે જયારે પણ તમે બહાર નીકળો ત્યારે રસ્તાની આસપાસ ઝાડી ઝાંખરમાં, ગૌશાળાની આસપાસ શાળાના મેદાનની કિનારી પર જેવી સુરક્ષિત જગ્યાઓએ આ સીડબોલ નાખો. તેના પર વરસાદનું પાણી પડતા જ, બે–ત્રણ દિવસમાં તેમાંથી અંકુર ફૂટી નીકળશે. એવું બની શકે કે, બધાં બીજ ન પણ ઊગે, પરંતુ તેમાંથી ૩૦–૪૦% બીજમાંથી પણ ઝાડ–છોડ ઊગી નીકળશે તો, ઘણી હરિયાળી થશે.

## આર્યુવેદની અનુપમ અસર આદ્રા નક્ષત્ર વખતે નીચેની ઔષધી લેવાથી ચાર મહિના વાયુમાંથી મુકિત મળે છે

અમરેલી, તા. ૧૫

જેઠ મહિનાના સુદ ૧ના દિવસે તા. ૨૧–૬–૨૦૨૪ની રાત્રે ૧૨:૦૭ મિનિટે એટલે કે શનિવારના ૦૦.૦૭ કલાકે સૂર્ય આદ્રા નક્ષત્રમાં પ્રવેશ કરે છે. આયુર્વેદમાં કલ્પનામાં પણ ન આવે એટલા સુંદર પ્રયોગો ઋતુ પરિવર્તન સાથે જોડાયેલા છે. આદ્રા નક્ષત્રના પ્રવેશ વખતે એક ચમચી દેશી ઘી સાથે આંબલીના કચૂકાના વજન જેટલી દેશી શુદ્ધ હિંગ, થોડા સિંધવ સાથે જો ચાટવામાં આવે તો ચોમાસાના ચાર મહિના વાયુના રોગમાંથી મુક્તિ મળે છે. જૈનો રાત્રિ ભોજન કરતાં નથી હોતા તેથી તેઓ સૂર્યાસ્ત સમયે આ એષધ લેતાં હોય છે અથવા તો દુવિહારના પચ્ચખાણ જેને હોય તેઓ દવા સ્વઢપે શુક્રવારે રાત્રે એટલે કે શનિવારે સવારે ૦૦.૦૭ મિનિટે આ એષધ ગ્રહણ કરે તો અકલ્પનીય ફાયદો થતો હોય છે.

માણસ જેમ એરકંડિશન્ડ ઢમમાંથી બહાર આવે તો વાતાવરણમાં કેટલો ફરક શરીરમાં અનુભવાતો હોય છે તેમ સૂર્ય એક નક્ષત્રમાંથી બીજા નક્ષત્રમાં પ્રવેશે ત્યારે આખી સૃષ્ટિમાં અનેક પ્રકારના પરિવર્તનો આવતા હોય છે. આપણા મહર્ષિઓને પોતાના વિશેષ જ્ઞાનમાં આ ફેરફારો સાથે તાલમેલ મેળવવા અનેક પ્રકારના એષધિઓના પ્રયોગો અને વ્યવહારિક આયોજનો કરેલ છે. જેમ કે જેઠ મહિનામાં દર અઠવાડિયે એક વખત એમ કુલ ચાર વખત એરંડ ભ્રષ્ટ હરિતકી એટલે કે સારા વૈધરાજની પાસે એરંડના તેલમાં સાત વખત તળાયેલી હીમેજ લેવામાં આવે તો ઝીણો તાવ આવતો બંધ થઈ જાય છે. ચૈત્ર સુદ પડવે (એકમ)ને દિવસે પણ લીમડાના પાંચ અંગો મૂળ, છાલ, પત્ર, મોર અને લીંબોળી સિંધવ અને મરી સાથે એક કપ જેટલી નયણે કોઠે લેવામાં આવે તો સમગ્ર વર્ષ દરમિયાન અનેક પ્રકારના રોગોમાંથી શરીરને મુક્તિ મળે છે. ઘણાં લોકો આખો ચૈત્ર મહિનો કે પંદર દિવસ આ કડવાશ લેતાં હોય છે પણ અનુભવી વૈધોના કહેવા મુજબ માત્ર પડવેને દિવસે આ પ્રમાણે ઔષધિનું આયોજન કરવાથી અમાપ– સમાપ ફાયદો થતો હોય છે. એક મત એવો પણ છે કે એકી સંખ્યામાં એટલે કે આ ઔષધ એક, ત્રણ કે પાંચ, સાત દિવસો સુધી સળંગ લેવું જોઈએ.

આધુનિક વિજ્ઞાનના અનેક પથીઓના આક્રમણ સામે આયુર્વેદની અનેક પ્રકારની વિશિષ્ટ શક્તિઓ



ઉપયોગમાં નહીં આવવાના કારણે વિસરાઈ રહી છે. જેમ કે આજકાલ સામાન્ય રીતે ગર્ભવતી સ્ત્રીઓને ઓપરેશન દ્વારા બાળક અવતરવાનું લગભગ સામાન્ય થઈ ગયું છે. પરંતુ જયારે ગર્ભવતી સ્ત્રીને વેણ ઉપડે ત્યારે દર્ભના ઘાંસનું મૂળ નાંભીની નીચે સ્પર્શ કર્યા વગર એન્ટીકૂલોકવાઈઝ એટલે અવળા આવર્તથી ફેરવવામાં આવે તો ઓપરેશન વગર સહેલાઈથી ડિલિવરી થઈ જતી હોય છે. જે અનેક લોકો આજે પણ અનુભવી રહ્યા છે. અધેડાનાવૃક્ષનું મૂળ પણ અંબોડામાં ખોસી દેવાથી ડિલિવરી નોર્મલ થતી હોય છે અને જેવી ડિલિવરી થાય કે તરત જ માથામાંથી તે મૂળ દૂર કરી લેવું અત્યંત જઢરી છે. પોતાના જ વાળની લટ આંગળીમાં બાંધીને ઉપરના તાળવામાં ઘસવાથી પણ કુદરતી સુવાવડ થવાની શક્યતા બહુ ઊજળી રહે છે.

આંકડો આમ તો ઝેરી છે પરંતુ ઘણાં ઝેરને શુદ્ધ કરીને જો વાપરવામાં આવે તો તે એષધમાં પરિવર્તિત થતાં હોય છે અને અમૃત જેવો ફાયદોકરે છે. જેમ કે આંકડાની એક ફૂટ જેટલી દાંડી દેશી ગાયના દૂધમાં હલાવીને દૂધ ગરમ કરવાથી આંકડાના રસના કારણે દૂધ ફાટી જશે અને તેનો માવો થાય ત્યાં સુધી તેને ગરમ કરી પછી તેમાં ખડી સાકર નાંખીને તે માવો વાપરી જવાથી જીવનભર માટે મેલેરિયાના તાવમાંથી મુક્તિ મળે છે. આ આડઅસર વગરની કુદરતી વેક્સિન છે. જેના કારણે શરીરમાં એવી ઈમ્યુનિટી ઉત્પન્ન થાય છે કે મેલેરિયાનો તાવ શરીર પર આક્રમણ કરી શકતો નથી.

આસો સુદ પૂનમ એટલે કે શરદ પૂનમની રાત્રિએ જૈનો નમોથ્થુણંનો ૧૦૮ વાર પાઠ કરતાં હોય છે. જે સમ્યક દર્શનની પ્રાપ્તિનું અમોઘ કારણ ગણાવાયું છે. જયારે આયુર્વેદ એમ કહે છે કે તે સમયે કાગદી બદામ ૧૭૦૦થી ૧૮૦૦ ગ્રામ લઈને ફોડવાથી તેમાં એક કિલો જેટલા બદામના મીંજ મળે છે. જે ખાંડી નાંખવાનાત્યારબાદ તેમાં એક કિલો ખડી સાકર નાંખવાની અને અઢીસો ગ્રામ કાળા મરી નાંખવાના. આ ૩,૫૦૦ ગ્રામના વિશિષ્ટ પાકને શરદ પૂનમની રાત્રિએ આકાશમાં ચંદ્રના કિરણોનું પૂટ આપવાનો. ત્યારબાદ દિવસ દરમ્યાન અડધી ચમચી આ પાક વાપરવામાં આવે તો સારસ્વત ચૂર્ણ જેવું કાર્ય આપે છે. જેનાથી મેધા અને તીક્ષ્ણ બુદ્ધિમાં અનુપમ વૃદ્ધિ થાય છે. તે સમયે દેશી ગાયના એક કિલો ઘીમાં સોનાના વરખનું એક પાનું નાંખીને હલાવીને શરદ પૂનમના કિરણોમાં રાખવાથી તે ઘી પણ એષધીસમું બની જાય છે અને રોજ તે ઘી દરરોજ વાપરવાથી અમાપ–સમાપ ફાયદો થાય છે.

દેશી ખડી સાકર શરદ પૂનમ ચંદ્રની સાક્ષીએ આકાશમાં રાખવામાં આવે તો અનુપમ રીતે અભિમંત્રીત થાય છે અને એસિડિટી જેવા રોગોમાં અપાર અને અનુપમ શાંતિ અને શાતાનો અનુભવ કરાવે છે.

શતાવળના પાઉડરને પણ આ રીતે ચંદ્રની રાત્રિમાં રાખીને આ જ સાકર સાથે દેશી ગાયના દૂધમાં એક ચમચી પાઉડર અને થોડી ખડી સાકર ઉકાળીને બે સમય સવાર–સાંજ આ ઉકાળો લેવાથી જીવનભર માટે પિત્તના રોગોમાં શાતા મળે છે. આ પ્રયોગ તો શરદ પૂનમની રાહ જોયા વગર ગમે ત્યારે કરી શકાય છે. સંધીકાળ એટલે કે ઋતુ પરિવર્તનના આ એષધો નિર્દોષ રીતે શરીરને આડઅસર વગર અનુપમ ફાયદો કરી આપે છે. રોગ તો નાશ થાયછે પણ આયુષ્ય, બળ અને શક્તિનો વૃદ્ધિ પામીને વિકાસ થાય છે.

# અમરેલી જિલ્લામાં વિચરતી અને વિમુકત જાતિનાં અગ્રણીઓ સાથે તંત્રની બેઠક યોજાઇ









વિચરતા અને વિમુક્ત સમુદાયનાં ઉત્થાન માટે ભારત સરકાર દ્વારા સ્થાપિત ડેવલોપમેન્ટ એન્ડ વેલફેરબોર્ડ ફોર ડીનોટીફાઈડ નોમેડિક એન્ડ સેમી નોમેડિક કોમ્યુનિટીઝ (ઉઠઈગઈ)નાં સભ્ય ભરતભાઈપટણીનાં અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લાસેવાસદન ખાતે અમરેલી જિલ્લાનાં વિવિધ તાલુકાઓમાં વસતા અને આસપાસનાં જિલ્લાનાં વિચરતી અને વિમુક્ત જાતિનાં સામાજિક અગ્રણીઓ સાથે સંવાદ અને અમરેલી જિલ્લાનાં કલસ્ટરમાં આવેલ વસાહતની મુલાકાતનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભારત સરકાર દ્વારા આ સમુદાયનાં કલ્યાણઅર્થે સ્થાપવામાં આવેલા બોર્ડની કામગીરી વિશે સભ્ય ભરતભાઈ પટણીએ માહિતી આપી હતી. તેમણે વિચરતી અને વિમુક્ત જાતિના આઝાદીની લડતમાં આપેલા યોગદાનથી લઈને વર્તમાન સમય સુધીનાં ફાળાનાં ગેરવવંતા ઈતિહાસની વિગતો આપી હતી. તેમણે જણાવ્યુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં નિર્દેશનમાં વર્ષ ૨૦૧૫ ડિનોટીફાઈડ, નોમેડિક એન્ડ સેમી નોમેડિક કોમ્યુનિટીનાં ઉત્થાન માટે ઈદાતે કમિશનની રચના કરવામાં આવી હતી. આ કમિશનની ભલામણનાં આધારે વર્ષ ૨૦૨૧માં કલ્યાણ બોર્ડની સ્થાપના કરવામાં આવી છે. તેમણે ઉમેર્યુ કે, આ બોર્ડનાં માધ્યમથી વિચરતી અને વિમુક્ત જાતિનાં ઉત્થાન માટે ગુજરાત રાજયમાં સીડ યોજનાં અંતર્ગત આધાર કાર્ડ, આયુષ્માન કાર્ડ, રાશન કાર્ડ સહિતની ગરીબ કલ્યાણલક્ષી યોજનાઓના લાભ અપાવવામાં આવી રહ્યા છે. આ યોજના અંતર્ગત રાજયના ૧૦ જિલ્લામાં કામગીરી થઈ રહી છે અને આગામી દિવસોમાં ૧૮ જિલ્લાઓમાં કામગીરી થશે. વિચરતી અને વિમુક્ત જાતિને રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૩માં રહેણાક માટે ચોક્કસ જમીન આપવા માટે નિર્ણય કરવામાં આવ્યો હતો. આ અંતર્ગત રાજયમાં શ્રેષ્ઠ કામગીરી થઈ છે. આગામી દિવસોમાં અમરેલી જિલ્લામાં વસતી વિચરતી અને વિમુક્ત સમુદાયની બહેનોના સ્વસહાય જૂથો તૈયાર કરી તેમને આત્મનિર્ભર બનાવવા પ્રયાસ કરવામાં આવે. આ પ્રસંગે પટણીએ સામાજિક આગેવાનોને શૈક્ષણિકક્ષેત્રે સામાજિક ઉત્થાન થાય તે માટે આગળ આવવા અને દીકરીઓને શિક્ષિત કરવા માટે અપીલ કરી હતી. સાથે જ તેમણે સામાજિક એકતા, સમરસતા અને સમાનતા માટેની જયોત પ્રજવલ્લિત રહે તે માટે ઘટતું કરવા અનુરોધ કર્યો હતો. તેમણે અમરેલી જિલ્લાનાં સામાજિક અગ્રણીઓના આવાસ, બી.પી.એલ. કાર્ડમાં નામ નોંધણી, શાકભાજી સહિતની વસ્તુઓના છુટક વેપાર કરતા લોકો માટે બજારની રચના સહિતની બાબતો વિશે વિગતો મેળવી, સરકારનાં સહયોગથી તે દિશામાં કયા પગલાંઓ ભરી શકાય તે માટે ઘટતું કરવાનો વિશ્વાસ વ્યકત કર્યો હતો. કાર્યક્રમના પ્રારંભે નિવાસી અધિક કલેકટર ગોહિલે પટણીનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતું. સરકારી યોજનાઓનો લાભ લાભાર્થીઓ સુધી પહોંચે તે માટે વહીવટી તંત્ર કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં વિચરતી અને વિમુક્ત જાતિના સામાજિક અગ્રણીઓ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિકસતિ જાતિ) એ.એલ. મહેતા, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતી જાતિ)ના અધિકારીઓ, કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.




## બાગાયતી ખેતિના પાકો માટે સંશોધન અને આધુનિક પધ્ધતિઓની તાલીમ માટે

# ભૈ વાહ : સાવરકુંડલાનાં મોટા ઝીંઝુડા ખાતે સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના થશે

### બાગાયતી વિકાસ માટે ભાજપ સરકાર દ્વારા મહત્વનો નિર્ણય થતાં ખૂશીનો માહોલ

### મુખ્યમંત્રી અને કૃષિ મંત્રીનાં ખેડૂતલક્ષી નિર્ણયને આવકારતાં ધારાસભ્ય કસવાલા

### જિલ્લાનાં સાંસદ સહિતનાં પદાધિકારીઓએ સરકારનાં નિર્ણયની કરી પ્રશંસા

### ગાંધીનગર, દાહોદ, બનાસકાંઠા અને અમરેલી જિલ્લાને મહત્વની ભેટ મળી




સાવરકુંડલા, તા. ૧૫

બાગાયતી પાકો ક્ષેત્રીય પાકો કરતા વધુ નફાકારક હોવાથી ગુજરાતરાજયમાંબાગાયતી પાકોતરફ ખેડૂતો વધુ રૂચિ રાખી રહ્યા હોય ત્યારે વધતી વસ્તી અને પોષણક્ષમ આહારો માટે બાગાયતી પાકોનું ઉત્પાદન અતિ જરૂરીબન્યુંહોય. ત્યારે ભાજપનીરાજય સરકાર ધ્વારા બાગાયતી વિકાસ માટે મહત્વ પૂર્ણ નિર્ણય કર્યો છે જેમાં રાજયભરમાં નવીઆધુનિક પધ્ધતિઓ દ્વારા બાગાયતી તાલીમ કેન્દ્રો ગાંધીનગર, દાહોદ, બનાસકાંઠા અને સાવરકુંડલાના મોટા ઝીંઝુડામાં ૧૦ કરોડનાંખર્ચેસેન્ટરઓફએકસેલેન્સની મંજૂરી મળતા ધારાસભ્ય મહેશ કસવાલાએવિકાસનીનવીકેડીકંડારીને અમરેલી જિલ્લાનાં ખેડૂતો બાગાયતી પાકોમાં અગ્રેસ બને તેવા આધુનિક ઉપકરણોસાથેના૧૦કરોડનાખર્ચેસંપૂર્ણ મહેકમ સાથેના સેન્ટર ઓફ એકસેલેન્સની મંજૂરી મળતા જિલ્લાભરના ખેડૂતોએ કસવાલાની કુનેહનીકદરદાનથઈ ગઈ હોવાનું સત્વ અટલ ધારા કાર્યાલયનાં ઈન્ચાર્જ જે.પી. હીરપરાની અખબારી યાદીમાં જણાવ્યું છે.

### સારહિ યુથ કલબનાં પ્રમુખની ઉપસ્થિતિમાં

## અમરેલી : ઈનર વ્હિલ કલબ દ્વારા સારહિ તપોવન આશ્રમ ખાતે વૃક્ષારોપણ કરાયું

### ઈનર વ્હિલ કલબનાં પ્રમુખ સહિતનાં સદસ્ય ઉપસ્થિત રહ્યાં



અમરેલી, તા. ૧૫

ઈનર વ્હિલ કલબ ઓફ અમરેલી દ્વારા સારહિ તપોવન આશ્રમ ખાતે ''સારહિ યુથ કલબનાં પ્રમુખ મુકેશભાઈ સંઘાણીની ઉપસ્થિતીમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે આશ્રમમાં રહેતા તપસ્વીઓ, ઈનરવ્હિલ કલબનાં નવનિયુકત પ્રમુખ મીલીબેન ઠાકર, સેક્રેટરી શિવાનીબેન પરીખ, મતિ સેજલબેન સંઘાણી, તુષારભાઈ જોષી અનેશીતલબેનજોષી, બીનાબેનત્રીવેદી, નયનાબેન આચાર્ય, દિયાબેન રૂપારેલ સહિત ઈનરવ્હિલ કલબનાં સભ્યઓ હાજર રહ્યા હતા.

### નાગા સાધુ જેવો વેશ ધારણ કરનાર સહિત ૪ વ્યકિતઓનું કારસ્તાન

## રાજુલાનાં જોલાપર ગામનાં ખેડૂતને રૂપિયાની પ્રસાદી આપવાનું કહીને ૨૦ હજારની રકમ ઝુંટવાઈ

### પિપાવવાધામ ગામ નજીકની ઘટનાને લઈને પોલીસે તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧૫

રાજુલા તાલુકાના જોલાપર ગામે રહેતા અને ખેતીકામ કરતાં કાળુભાઈ ટપુભાઈ વાઘ નામનાં ૪૮ વર્ષિય ખેડૂત ગઈકાલે સવારે પોતાના ઘરેથી રાજુલા તાલુકાના વીકટર ગામે આવેલ વાડીએ મોટર સાઈકલ લઈ પોતાનીવાડીએમજુરીકામકરવાઆવેલ શ્રમિકને પૈસા આપવા માટે જતા હતા. તે દરમ્યાન આશરે સવા આઠેક વાગ્યે રાજુલાના પિપાવાવધામ ગામે જવાના રસ્તે પાટીયાની સામેની બાજુ રોડ ઉપર પાછળથી એક સફેદ કલરની ફોરવ્હીલ ગાડી ખેડૂતની સાઈડ કાપી આગળ થઈ અને ખેડૂતને ઉભા રખાવેલ. જેથી તેઓ ત્યા ઉભો રહેલ અને મોટર સાઈકલ ઉપરથી ઉતરી ખેડૂત તેમની પાસે ગયેલ અને તે ફોર વ્હીલ ગાડીમા ચાર વ્યકિત

અનુસંધાન પાના ૬ ઉપર

### ઈલેકટ્રીક રીમોટથી મશીન ઓપરેટ કરતા હોય

## રાજુલાનાં ભાક્ષી ગામે ભડીયામાં કામ કરતાં યુવકનું શોર્ટ લાગવાથી મોત

રાજુલા, તા. ૧૫

રાજુલા તાલુકાનાં ભાક્ષી ગામેદર્શનભડીયામાંરહેતાઈશ્વરસિંહ પટેલસિંહ નામના ૧૮ વર્ષિય યુવક તા. ૧૪ના રોજ સવારનાં પાંચેક વાગ્યે ક્રસર મશીન ચાલુ કરવા માટે ઈલેકટ્રીક રીમોટની મદદથી મશીન ઓપરેટર કરતા હતા. તે દરમ્યાન રીમોટ ખરાબ થતા રીમોટ રીપેરીંગ કરતા હતા. તે દરમ્યાન તેમને રીમોટમાંથી શોક શર્કીટ થતા યુવકને ઈલેકટ્રીક શોક લાગતા મરણ થયાનું પોલીસમાં જાહેર કરેલ છે.













*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)